ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક
# શાહીન
Shaheen Gujarati WEEKLY


Vol No.: 52 • Issue No.: 39 • Date: 04-09-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

હઝરત મુહમ્મદ
પવિત્ર પરિવર્તનના પથદર્શક

રબીઉલ અવ્વલના પવિત્ર મહિનામાં જમાઅતે ઇસ્લામી હિંદ, ગુજરાત દ્વારા ૧ થી ૧૫ સપ્ટેમ્બર સુધી **“હઝરત મુહમ્મદ ﷺ: પવિત્ર પરિવર્તનના પથદર્શક”** શીર્ષક હેઠળ અભિયાન યોજાઈ રહ્યું છે. વ્યાખ્યાન, સાહિત્ય વિતરણ અને સંવાદ સભાઓ દ્વારા આ ઝુંબેશનો હેતુ વ્હાલા નબી હઝરત મુહમ્મદ ﷺ વિષેની ગેરસમજો દૂર કરવાનો, યુવાઓને તેમના આદર્શો સાથે જોડવાનો અને નૈતિકતા, ન્યાય તથા શાંતિના મૂલ્યોને સમાજમાં જીવંત કરવાનો છે. ‘શાહીન’ સાપ્તાહિકના આ અંકના અંદરના પાનાઓમાં **ફોકસ ઇશ્યુ** રૂપે આ જ વિષયો રજૂ કરવામાં આવ્યા છે, જેથી પ્રિય વાચકો પોતાના જીવનમાં પ્યારા નબી ﷺના આદર્શોને ઉતારી સાચા સકારાત્મક પરિવર્તનના સહભાગી બની શકે.

## મોહન ભાગવતઃ જેની વસંત આ હોય, તેની પાનખર ન પૂછશો




● શબીઉઝ્ઝમાન

સંઘની સ્થાપના ૧૯૨૫માં વિજયા દશમી એટલે કે દશેરાના દિવસે થઈ હતી. આ વર્ષે સંઘે પોતાના સો વર્ષ પૂર્ણ કર્યા છે. આ શતાબ્દીની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંથી એક દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ત્રણ દિવસીય કાર્યક્રમ “વ્યાખ્યાનમાલા - ‘સંઘની ૧૦૦ વર્ષની યાત્રા - નવા આયામ’” શીર્ષક હેઠળ યોજાયો હતો, જ્યાં મોહન ભાગવત ભારતીય સમસ્યાઓ પર પોતાના વિચારો વ્યક્ત કરતા અને પોતાની સમજણ મુજબ પ્રશ્નોના જવાબો આપતા જોવા મળ્યા હતા.

મોહન ભાગવતની વાતો સાંભળીને એવું લાગતું ન’હોતું કે તેઓ સંઘના કોઈ અગ્રણી નેતા છે. વિવાદાસ્પદ મુદ્દાઓ પર સંતુલિત વાતો, સૌને સાથે લઈને ચાલવાનો દાવો, દરેક પ્રશ્નના જવાબમાં “દેશનું દર્દ” અને મંત્રી જેવો શાંત સ્વભાવ આ બધું સાંભળીને કેટલાક લોકોને લાગ્યું કે કદાચ ખરેખર સંઘનું વલણ બદલાઈ રહ્યું છે અને હવે તે સૌને સાથે લઈને ચાલવાનો પ્રયાસ કરી રહ્યો છે.

પરંતુ સવાલ એ છે કે શું ખરેખર સંઘ બદલાઈ રહ્યો છે?

જો સંઘ બદલાઈ રહ્યો હોત, તો ભારતમાં મુસ્લિમો પ્રત્યે તેનું વલણ પણ ચોક્કસ બદલાત. પરંતુ છેલ્લા અગિયાર વર્ષના સંજોગો, આંકડાઓ અને કડવા અનુભવો આ વાતનો ઇનકાર કરે છે. માત્ર છેલ્લા બે વર્ષમાં જ મુસ્લિમો પર મોટા પાયે અત્યાચારો થયા છેઃ હુલ્લડો, “બુલડોઝર ન્યાય”, ગૌરક્ષાના નામે લિંચિંગ, ધાર્મિક સ્વતંત્રતા પર અંકુશ. આસામમાં ચાલી રહેલી એનઆરસી અને સીએએની રમત, યુપી, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં સેંકડો મુસ્લિમ મિલકતોને તોડી પાડવી, અલીગઢ, ગુજરાત અને હરિયાણામાં ટોળા દ્વારા મુસ્લિમોની હત્યા, નફરતભર્યા ભાષણો, મસ્જિદો પર હુમલા, હિઝાબ અને મદ્રેસાઓ વિરુદ્ધ કાર્યવાહી, અને કાશ્મીરી હુમલા બાદ વિદ્યાર્થીઓ અને મહિલાઓ સાથે ભેદભાવ.

આ બધા બનાવોને રોકવા માટે સંઘ તરફથી કોઈ ગંભીર પ્રયાસ જોવા મળ્યો નથી અને ન તો કેન્દ્રીય નેતૃત્વએ કોઈ ચિંતા વ્યક્ત કરી છે. તેના મુખપત્રો પંચજન્ય અને ‘ઓર્ગેનાઇઝર’માં પણ આ વિષય પર દુઃખ કે શોક વ્યક્ત કરાયો નથી. ઊલટાનું ઘણીવાર આ અત્યાચારોને યોગ્ય ઠેરવતી દલીલો પ્રકાશિત કરવામાં આવે છે. આ સ્પષ્ટ છે કે સંઘે પોતાના મૂળભૂત સિદ્ધાંતોમાં ક્યારેય કોઈ ફેરફાર કર્યો નથી. તેના માટે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ આ દેશમાં વિદેશી તત્ત્વો છે, અને તેમને બીજા વર્ગના નાગરિક તરીકે રહેવું જોઈએ. સત્તાના કેન્દ્રોથી તેમને દૂર રાખવું એ હજુ પણ તેનો મૂળભૂત ઉદ્દેશ્ય છે.

ખરેખર આ મીઠી વાતોનો હેતુ માત્ર લોકોને ગેરમાર્ગે દોરવાનો છે. આ નિવેદનો દ્વારા બહારની દુનિયા અને ટીકાકારોને એવો પ્રભાવ આપવામાં આવે છે કે સંઘ કોઈ ફાસીવાદી સંગઠન નથી, બલ્કે સૌને સાથે લઈને ચાલવામાં માને છે. તેવી જ રીતે, હિંદુ સમાજના તે લોકો જેઓ સંઘની કેટલીક નીતિઓ સાથે સંમત છે પરંતુ તેની હિંસાને નાપસંદ કરે છે, તેમના માટે પણ આ નિવેદનો એક આકર્ષક પડદો છે.

(અનુસંધાન બીજા પાને)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેક્ટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિક્વન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૫૧૪૨, ૬૫૫૫૫૫૫૫૧૩
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

## ઇઝરાયલના આક્રમણ વિરુદ્ધ દિલ્હીમાં જંગી વિરોધ પ્રદર્શન

### ભારત સરકારને કાર્યવાહી કરવા અપીલ




નવી દિલ્હીઃ ગાઝાના લોકો સાથે એકતા દર્શાવવા માટે ગત અઠવાડિયે દેશની રાજધાનીમાં એક જંગી વિરોધ પ્રદર્શન યોજાયું હતું. પ્રદર્શનકારીઓએ ગાઝા પર ઇઝરાયલના ચાલી રહેલા નરસંહારની નિંદા કરી અને ચેતવણી આપી કે ગાઝા પર લશ્કરી કે રાજકીય નિયંત્રણ લાદવાનો કોઈપણ પ્રયાસ ઘેરાયેલા પ્રદેશમાં, માનવતાવાદી કટોકટી વધુ વકરશે.

દિલ્હી અને પડોશી રાજ્યોના સેંકડો સહભાગીઓ એકઠા થયા હતા, જે વિવિધ ધાર્મિક, સામાજિક અને રાજકીય પૃષ્ઠભૂમિનું પ્રતિનિધિત્વ કરતા હતા. નાગરિકો, વિદ્યાર્થીઓ, કાર્યકરો અને બહુવિધ સંગઠનોના નેતાઓએ હાથ મિલાવીને સ્પષ્ટ સંદેશ આપ્યો કે પેલેસ્ટાઇનને સમર્થન ફક્ત મુસ્લિમ સમુદાય પૂરતું મર્યાદિત નથી, બલ્કે ભારતમાં શાંતિ અને ન્યાયને મહત્ત્વ આપતા તમામ લોકો સાથે જોડાયેલું છે.

વક્તાઓએ ઇઝરાયલની કાર્યવાહીને નરસંહાર ગણાવીને તેની નિંદા કરી. તેમણે નોંધ્યું કે ઑક્ટોબર ૨૦૨૩થી, મહિલાઓ અને બાળકો સહિત લગભગ ૧,૦૦,૦૦૦ પેલેસ્ટાઇની માર્યા ગયા છે. ઘરો, હૉસ્પિટલો, શાળાઓ અને શરણાર્થી શિબિરોનો નાશ થયો છે, જેના કારણે ગાઝા દુષ્કાળના આરે છે. પ્રદર્શનકારીઓએ આરોગ્યસંભાળ અને સ્વચ્છતા પ્રણાલીના પતનને પણ પ્રકાશિત કર્યું અને ચેતવણી આપી કે જો નાકાબંધી ચાલુ રહેશે તો તેના ગંભીર પરિણામો આવશે.

(અનુસંધાન બીજા પાને)






## અમેરિકા દ્વારા ભારત પર ૫૦% ટેરિફ : અમેરિકાની જગત જમાદારીનું વરવું સ્વરૂપ

બીજી ઈનિંગની શરૂઆત કરતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખૂબ જ ફોર્મમાં આવી ગયા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં નિવેદનો કરવામાં જે બફાટ તેમણે કર્યો એવા બફાટ કરનાર કદાચ ટ્રમ્પ પહેલા અમેરિકી પ્રમુખ હશે. પાકિસ્તાન સાથેની લશ્કરી અથડામણ પછી યુદ્ધને રોકવા બિનજરૂરી ટ્રમ્પની દરમિયાનગીરી આશ્ચર્ય પ્રમાડે તેમ છે. ખેર, તે પછી યુદ્ધને રોકાવી દેવામાં પોતાનો સિંહફાળો હોવાનો દાવો કરતાં ટ્રમ્પ ઘણી જગ્યાએ જોવા મળ્યા. અવારનવાર તેઓ ભારત-પાક યુદ્ધને બંધ કરાવવાનો યશ ખાટવાનો પ્રયત્ન કરે છે. આ વિવાદ સમયો નથી ત્યાં બીજા વિવાદનો મધપૂડો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડી દીધો છે.

કેમ જાણે કેમ, પણ ઈઝરાયલને ગાઝા યુદ્ધ લડવા આપેલ ૨૦ બિલિયન ડોલરની લશ્કરી સહાયની ખોટને ભારતના રૂપિયાથી સરભર કરવાનો ક્રૂર ખયાલ ટ્રમ્પના દિમાગમાં કદાચ આવ્યો હોય તેમ ટ્રમ્પ દ્વારા ભારતથી આયાત થતી ચીજવસ્તુઓ પર મન ફાવે તેમ ટેરિફ લગાવી દેવાનો સિલસિલો શરૂ કરી દીધો છે. ૨૭મી ઓગસ્ટથી ભારત પર કુલ ૫૦% ટેરિફ લાગુ કરી દેવામાં આવ્યું છે જે અમેરિકામાં આયાત કરતા કોઈ પણ દેશના ટેરિફ કરતાં વધુ છે. અમેરિકા તરફી ભારત સરકારને આ નિર્ણયથી જોરદાર આંચકો લાગ્યો છે.

ભારત અને અમેરિકાનું વાર્ષિક વેપારનો આંકડો ૮૭ મિલિયન ડોલર કરતાં વધુ છે, જેમાં ટેક્સટાઈલ્સ, રત્ન, દાગીના, ચામડા, મરીન અને કેમિકલ્સનો સમાવેશ થાય છે. આ ટેરિફના કારણે લગભગ ૫૦ બિલિયન ડોલરનો વેપાર જોખમમાં મુકાઈ ગયો છે. જો કે ફાર્મા, સેમિકન્ડક્ટર, એનર્જી, ક્રિટિકલ મિનરલ્સ માટે મુક્ત વેપાર નીતિ લાગુ રહેશે. દેશની જીડીપી પર લગભગ ૦.૩% થી લઈને ૦.૫% ટકા જેટલો ઘટાડો થવાની સંભાવના છે. એટલે કે આર્થિક વૃદ્ધિદર ૬.૫%થી ઘટીને ૬% થઈ શકે છે. નાના ઉદ્યોગો વધારે ભીંસનો અનુભવ કરી રહ્યા છે. ટેક્સટાઈલ અને ચામડા ઉદ્યોગ સાથે સંકળાયેલ બે થી ત્રણ લાખ કામદારોના જીવ તાળવે ચોંટી ગયા છે અને આ સેક્ટરમાં જબરદસ્ત મંદી અને બેરોજગારીના એંધાણ વર્તાઈ રહ્યા છે. ટ્રમ્પની આ અન્યાયી નીતિને કારણે ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો હતો અને રૂપિયાનું અવમૂલ્યન થવાની શક્યતા પણ વધી ગઈ છે. એફઆઈઆઈ (ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટમેન્ટ) અસ્થિર થઈ ગયા છે. આમ ટેરિફ વધારાના ટ્રમ્પના નિર્ણયથી સમગ્ર દેશમાં ઉથલપાથલ મચી જવા પામી છે.

નવાઈની વાત છે કે આ ટેરિફ માટે ભારત દેશને જ ટ્રમ્પ સરકાર દોષી ઠેરવી રહી છે. તે કહે છે કે ભારતે રશિયાથી ક્રૂડ ઓઈલની મોટાપાયે ખરીદી કરી રશિયાને યુક્રેન પર યુદ્ધ કરવા જરૂરી નાણાકીય મદદ કરી છે!!! અહો આશ્ચર્યમ!!! ભલા માણસ, ચીન ભારત કરતાં વધુ ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદતું હોવા છતાં તેનું ટેરિફ ભારત કરતાં ઓછું છે! જે અમેરિકાના બેવડો માપદંડોની ચાડી ખાય છે. આ અતાર્કિક નિવેદનને થોડીવાર માટે માની લેવામાં આવે તો અમેરિકા, ઈઝરાયલની સીધી રીતે લશ્કરી મદદ કરી આતંકવાદને નાથવાના બહાને નિર્દોષ નાગરિકોની કતલેઆમનો સીધો દોષી ગણાય.

અને ટ્રમ્પ બીજા દેશો પર જે રીતે ટેરિફનો આતંકવાદ ફેલાવી રહ્યા છે તે વધારે સમય ચાલશે નહીં. ભારતે આ સમસ્યાનો રાજદ્વારી વાતચીત મારફતે ઉકેલ લાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે જે તેની નરમ અને ઢીલી વિદેશનીતિને છતી કરે છે. પ્રધાનમંત્રી અને વિદેશપ્રધાન દ્વારા ટ્રમ્પના આ નિર્ણયની તીખી આલોચના તો દૂર, વખોડવા લાયક શબ્દો પણ ઉચ્ચારવામાં આવ્યા નથી.!

જગત જમાદારી અને વિશ્વ વિધાતા હોવાના આભાસ સાથે જીવતી અમરિકી નેતાગીરીનો ઘમંડ વધુ સમય ટકી શકશે નહીં. દેશમાં સ્વનિર્ભરતા કેળવવા સરકારે કટિબદ્ધ થવાની જરૂર છે. અને અમેરિકાને તેના જવાબમાં વળતો જવાબ આપવાની જરૂર છે. જે એક્સપોર્ટની જરૂરત ભારતને છે તે કોઈક રીતે અમેરિકાને પણ હશે અને દરેક દેશ એકબીજા પર નિર્ભર છે જ. તેથી અમેરિકાની આ નીતિ સામે અવાજ ઉઠાવવો જ જોઈએ અને અમેરિકાનો અવેજ શોધી કાઢવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ.

– મુહમ્મદ કલીમ અન્સારી
મો. ૯૭૨૩૦ ૦૩૫૦૦

## લેટરલ એન્ટ્રી : પછાત વર્ગોના અધિકારો પર RSSનો હુમલો

આપણા દેશમાં જાતિ આધારિત ભેદભાવ અને આર્થિક અસમાનતાના મૂળિયા સદીઓ જૂના છે. આઝાદી પછી એવી આશા હતી કે બંધારણના પ્રકાશમાં સમાનતા અને ન્યાયની વ્યવસ્થા સ્થાપિત થશે, પરંતુ વાસ્તવિકતા આ છે કે આજે પણ પછાત અને દબાયેલા વર્ગો તે જ વંચિતતાનો શિકાર છે. તાજેતરમાં, લેટરલ એન્ટ્રીના નામે ઉચ્ચ સરકારી હોદ્દાઓ પરની ભરતીઓએ આ ચર્ચાને ફરી એક વાર તાજી કરી દીધી છે.

લેટરલ એન્ટ્રીનો ઉદ્દેશ્ય એ જણાવવામાં આવ્યો હતો કે સરકારને અનુભવી અને નિષ્ણાત વ્યક્તિઓ મળી શકે, પરંતુ જમીની હકીકત એ છે કે ૨૦૧૮ થી અત્યાર સુધી આ વ્યવસ્થા દ્વારા જે નિમણૂકો થઈ છે તેમાં મોટાભાગના એવા લોકો સામેલ છે જેઓ કાં તો પહેલાંથી જ શક્તિશાળી અને પ્રભાવશાળી વર્ગો સાથે સંબંધ ધરાવે છે અથવા તો તેમનો ઝુકાવ ખુલ્લેઆમ સંઘના વિચારો તરફ છે. આના પર સૌથી મોટી ટીકા એ જ થઈ રહી છે કે લેટરલ એન્ટ્રીનો દરવાજો પછાત વર્ગો માટે બંધ અને સંઘ સાથે જોડાયેલા લોકો માટે ખુલ્લો છે.

આંકડા પણ આ જ દર્શાવે છે. સરકારે અત્યાર સુધીમાં ૬૩ લોકોને લેટરલ એન્ટ્રી દ્વારા વિવિધ મંત્રાલયોમાં ભરતી કર્યા છે. પરંતુ આ નિમણૂકોમાં ન તો કોઈ આરક્ષણની વ્યવસ્થા રાખવામાં આવી અને ન તો એ જણાવવામાં આવ્યું કે આ વ્યક્તિઓની સામાજિક પૃષ્ઠભૂમિ શું છે. બીજા શબ્દોમાં કહીએ તો, એ જ ખબર નથી કે તેમાંથી કેટલા દલિત, પછાત કે લઘુમતી વર્ગો સાથે સંબંધ ધરાવે છે.

એક રિપોર્ટ અનુસાર, કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં પોસ્ટ ગ્રેજ્યુએટથી ઉપરના ૮૫ ટકા શિક્ષકો ઉચ્ચ જાતિના છે. બિહારના જાતિ સર્વેક્ષણમાં પણ આ વાત સામે આવી કે દલિત અને અત્યંત પછાત વર્ગો વસ્તીનો મોટો હિસ્સો છે પરંતુ સરકારી નોકરીઓમાં તેમનું પ્રતિનિધિત્વ નહિવત્ છે.

આ જ પૃષ્ઠભૂમિમાં લેટરલ એન્ટ્રી જેવા પગલાં વંચિત વર્ગોના વિશ્વાસને વધુ નુકસાન પહોંચાડે છે. તેમને લાગે છે કે તેમના માટે તકો સંકોચાઈ રહી છે જ્યારે સંઘ કે પ્રભાવશાળી વર્તુળોના લોકો માટે દરવાજા ખુલ્લા મૂકી દેવામાં આવ્યા છે.

આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવનારી વાત આ છે કે જાતિ અને ધર્મના આધારે નફરત હવે સોશિયલ મીડિયા પર પણ ખુલ્લેઆમ ફેલાવવામાં આવી રહી છે. આવા નિવેદનો અને વર્તણૂકો સામાજિક વિભાજનને વધુ ઊંડું કરી રહ્યા છે.

આ સમય છે કે સરકાર અને સમાજ બંને આ વાસ્તવિકતાનો સામનો કરે. જો લેટરલ એન્ટ્રી ખરેખર એક હકારાત્મક પગલું છે તો તેને પારદર્શક, બધા માટે ખુલ્લું અને આરક્ષણ નીતિ અનુસાર બનાવવામાં આવે. અન્યથા આ વ્યવસ્થા માત્ર શક્તિશાળી વર્ગો અને સંઘના વિચારના સમર્થકોની ઈજારાશાહી વધારવાનું સાધન બનશે.

દેશની લોકતાંત્રિક ભાવના અને બંધારણીય મૂલ્યોને જીવંત રાખવા માટે જરૂરી છે કે પછાત વર્ગોને તેમનો યોગ્ય હક આપવામાં આવે અને જાતિ તથા આર્થિક ભેદભાવની આ જૂની રમતને હંમેશાં માટે સમાપ્ત કરવામાં આવે.

•••

## મોહન ભાગવત...

(પહેલા પાનાનું ચાલુ)

વાસ્તવિકતા આ છે કે અન્ય સંગઠનોની સરખામણીમાં સંઘને સમજવું મુશ્કેલ છે. તેને માત્ર તેના નેતાઓના ઔપચારિક નિવેદનોના આધારે સમજી શકાય નહીં. જો કોઈ આવું કરે તો છેતરાવાનો ભય રહે છે, કારણ કે સંઘ જાહેરમાં જે કહે છે અને વાસ્તવિક દુનિયામાં જે કરે છે, તે બંનેમાં ગહન વિરોધાભાસ જોવા મળે છે. આ જ વિરોધાભાસ તેના સાહિત્યમાં પણ જોવા મળે છે, જ્યાં વાચકને એકસાથે બંને પ્રકારની વાતો જોવા મળે છે. સંઘના કાર્યકર્તાઓ સારી રીતે જાણે છે કે આ નિવેદનો માત્ર રાજકીય મજબૂરીઓને કારણે આપવામાં આવે છે, મૂળ વિચારધારા તે જ છે, જે તેમને દિવસ-રાત શીખવવામાં આવે છે. તેથી, સંઘને સમજવા માટે તેના નિવેદનો કે ભાષણો પર નહીં, પરંતુ જમીન પર તેની વાસ્તવિક ભૂમિકા પર ધ્યાન આપવું જરૂરી છે.

***“યૂં તો કભી મુંહ ફેર કે
દેખો ભી નહીં હો
જબ વક્ત પડે હૈ તો
મદારાત કરો હો
દામન પે કોઈ છીંટ,
ન ખંજર પે કોઈ દાગ
તુમ કત્લ કરો હો કે
કરામાત કરો હો”***

## ઈઝરાયલના આક્રમણ...

(પહેલા પાનાનું ચાલુ)

આ સભાએ અગ્રણી મુસ્લિમ સંસ્થાઓ અને નાગરિક સમાજ જૂથો દ્વારા સમર્થિત પેલેસ્ટાઇન પર અગાઉના સંયુક્ત નિવેદનમાં કરવામાં આવેલી માંગણીઓની પુનઃપુષ્ટિ કરી. મુખ્ય માંગણીઓમાં તાત્કાલિક યુદ્ધવિરામ, માનવતાવાદી કૉરિડૉર ખોલવા અને ઈઝરાયલની કાર્યવાહીની આંતરરાષ્ટ્રીય નિંદાનો સમાવેશ થાય છે. પ્રદર્શનકારીઓએ ભારતને ઈઝરાયલ સાથેના લશ્કરી અને વ્યૂહાત્મક સહયોગને રોકવા, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ માટે આંતરરાષ્ટ્રીય અપરાધ અદાલતના ધરપકડ વૉરન્ટને સમર્થન આપવા અને ઈઝરાયલના કબજાને સમાપ્ત કરવા અને સાર્વભૌમ પેલેસ્ટાઇન રાજ્યની સ્થાપના માટે સંયુક્ત રાષ્ટ્રના આહ્વાનને સમર્થન આપવા પણ વિનંતી કરી.

વક્તાઓએ ભારતને જુલમી લોકો માટેના તેના ઐતિહાસિક સમર્થનને જાળવી રાખવા અને કબજો સમાપ્ત કરવાના વૈશ્વિક પ્રયાસોને સમર્થન આપવા આહ્વાન કર્યું. તેઓએ નાગરિક સમાજ જૂથોને જાગૃતિ અભિયાનને વેગ આપવા, ઈઝરાયલી ઉત્પાદનોનો બહિષ્કાર કરવા અને શાંતિપૂર્ણ એકતા કાર્યક્રમોનું આયોજન કરવા અપીલ કરી. મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોને પણ રક્તપાત રોકવા માટે ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ પર વધુમાં વધુ દબાણ લાવવાનો એક મજબૂત સંદેશ મોકલવામાં આવ્યો હતો.

આ વિરોધ પ્રદર્શને ભાર મૂક્યો કે સામૂહિક હત્યાઓના સંદર્ભમાં મૌન સ્વીકાર્ય નથી. સહભાગીઓએ સરકારો, સંસ્થાઓ અને વ્યક્તિઓને નૈતિક અને બંધારણીય સિદ્ધાંતો અનુસાર જવાબદારીપૂર્વક કાર્ય કરવા વિનંતી કરી.

આ સભાને સંબોધિત કરનારી અગ્રણી વ્યક્તિઓમાં જમાઅતે ઈસ્લામી હિંદના અધ્યક્ષ સૈયદ સઆદતુલ્લાહ હુસૈની, જમિયત ઉલમા-એ-હિંદના મૌલાના હકીમુદ્દીન કાસમી, દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અપૂર્વાનંદ, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહ, ભૂતપૂર્વ સાંસદ મુહમ્મદ અદીબ અને અન્ય રાષ્ટ્રીય સંગઠનોના નેતાઓનો સમાવેશ થાય છે.




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ગુનાહ થઈ જાય તો શું કરવું ?

**હકીકતમાં તમારા માટે અલ્લાહના રસૂલમાં એક ઉત્તમ આદર્શ હતો, દરેક તે વ્યક્તિ માટે જે અલ્લાહ અને આખિરતના દિવસની અપેક્ષા રાખતી રહી હોય અને અલ્લાહનું પુષ્કળ પ્રમાણમાં સ્મરણ કરે.'' (સૂરઃ અહ્ઝાબ, આયત-૨૧)**

અર્થાત્ હે મુસલમાનો ! અને મુનાફિકો (દંભીઓ) ! તમારા સૌના માટે રસૂલુલ્લાહ માં શ્રેષ્ઠ નમૂનો છે. આથી તમે જિહાદમાં અને સબ્ર કે ધૈર્ય તથા દઢતામાં તેનું અનુસરણ કરો. આપણા આ પૈગંબર જિહાદમાં ભૂખ્યા રહ્યા. તે એટલે સુધી કે તેમને પેટ પર પત્થર બાંધવા પડયા. તેમનો ચહેરો જખ્મી થઈ ગયો, તેમનો ... શહીદ થઈ ગયો, 'ખંદક' (ખાઈ) પોતાના હાથોથી ખોદી અને લગભગ એક મહિના સુધી શત્રુઓ સામે મુકાબલામાં રહ્યા, જો કે આ આયત જંગે-અહ્ઝાબના સંદર્ભમાં નાઝિલ થઈ છે, જેમાં યુદ્ધ પ્રસંગે વિશેષ રૂપે રસૂલુલ્લાહ ને 'ઉસ્વએ હસ્નહ'ને સામે રાખવા અને તેનું અનુસરણ કરવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ આ હુકમ જાહેર છે એટલે કે આપ ના તમામ કથનો, કાર્યો અને તમામ બાબતોમાં મુસલમાનો માટે આપ નું અનુસરણ કે પાલન જરૂરી છે. ચાહે તેમનો સંબંધ ઇબાદતો સાથે હોય કે સામાજિકતા સાથે, અર્થતંત્ર સાથે કે પછી રાજકારણ સાથે. જીવનના દરેક ક્ષેત્રમાં આપ ની હિદાયતોનું પાલન વાજિબ (અનિવાર્ય) છે.

"જે કંઈ રસૂલ તમને આપે તે લઈ લો, અને જે વસ્તુથી તે તમને રોકી દે તેનાથી રોકાઈ જાવ.'' (સૂરઃ હશ્ર, આયત-૭). આનાથી આ સ્પષ્ટ થઈ ગયું કે ઉસ્વએ રસૂલ ને એ જ અપનાવશે જે આખિરતમાં અલ્લાહની મુલાકાત ઉપર વિશ્વાસ ધરાવતો હોય અને મોટા પ્રમાણમાં અલ્લાહનો 'ઝિક્ર' (સ્મરણ) કરે છે.

આજે મુસલમાનો પણ સામાન્ય રીતે આ બન્ને ગુણોથી વંચિત છે. આમાં જે દીનદાર લોકો છે તેમના પેશવા, નકલી વિદ્વાનો અને અગ્રણીઓ છે. અને જે દુનિયાદાર તથા રાજકારણીઓ છે તેમના અગ્રણીઓ તથા માર્ગદર્શકો પશ્ચિમના આકાઓ છે. રસૂલુલ્લાહ થી અકીદતના મૌખિક દાવાઓ મોટા છે પરંતુ આપ ને મુર્શિદ અને પેશવા માનવા માટે તેમનામાંથી કોઈ પણ તૈયાર નથી.

રસૂલુલ્લાહ નું આજ્ઞાપાલન કેમકે અલ્લાહનું આજ્ઞાપાલન છે. અને ખુદ અલ્લાહના જ હુકમ હેઠળ છે, આથી માણસ આજ્ઞાપાલનથી વિમુખ થતાં જ એ ચાહે કાફિર ન થતો હોય, પરંતુ આજ્ઞાપાલનથી વિમુખ થવું એ કાફિરો જેવી હરકત અને વિદ્રોહી અમલ છે. આજ્ઞાપાલન એ ઈમાનવાળાઓ જેવો અમલ છે અને આજ્ઞાપાલનથી વિમુખ થવું એ કાફિરો જેવો અમલ છે.

આજે આપણે સહુએ આ જોવાની ખાસ જરૂરત છે કે ભલે આપણે મોઢેથી કહેતા ન હોઈએ કે આજ્ઞાપાલનનો ઇનકાર કરતા ન હોઈએ પરંતુ અમલી રીતે કે વ્યવહારમાં જીવનના કેટ-કેટલા ક્ષેત્રોમાં કેટલી હદે અને કેવી રીતે અવજ્ઞાકારી બની જીવન વિતાવી રહ્યા છીએ. હવે પછી પ્રયત્નો રહે કે આપણું સમગ્ર જીવન અલ્લાહ અને તેના રસૂલ ના આજ્ઞાપાલન હેઠળ વિતાવીએ અને અવજ્ઞાકારી વલણ ન અપનાવીએ.




## પ્રતિષ્ઠા અને ગંભીરતા

(૧) અનુવાદઃ

**"હઝરત અબ્દુલ્લાહ બિન ઔફ રદિ. કહે છે કે રસૂલુલ્લાહ 'ઝિક્ર' વધુ કરતા. નિરર્થક અને ફઝૂલ વાતો ન કરતા. નમાઝને લાંબી અને ખુત્બાને સંક્ષિપ્ત કરતા, અને વિધવા તેમજ મિસ્કીનો સાથે ચાલવામાં ખચકાટ અનુભવતા ન હતા, અને તેમની જરૂરતો પૂરી કરી દેતા.'' (નસાઈ, દારિમી).**

**સમજૂતીઃ**

'ઝિક્ર'થી અભિપ્રેત અલ્લાહનો 'ઝિક્ર' અને એ દરેક વાત જેનો સંબંધ અલ્લાહની યાદથી હોય આ એક હકીકત છે કે નબી વિવિધ અંદાજ અને શૈલીમાં દરેક સમયે અલ્લાહની યાદમાં વ્યસ્ત રહેતા. આપ ના જીવનની કોઈ પળ અલ્લાહની યાદથી ખાલી ન વીતતી.

અહીં અસલમાં **"યુકિલ્લુલ લગ્વ''** શબ્દ આવ્યો છે અરબીમાં **"કલીલ''** શબ્દ 'સંપૂર્ણ ઇન્કાર'ના અર્થમાં પણ પ્રયોજાય છે. દા.ત. કુર્આનમાં છે : **"કલીલમ મા યૂમિનૂન''** અર્થાત્ "તેઓ બિલકુલ ઈમાન નથી ધરાવતા.'' કેટલાક સમજૂતીકારોએ **"યુકિલ્લુલ લગ્વ''**નો અનુવાદ કર્યો છે : આપ નિરર્થક વાતો બહુ ઓછી કરતા હતા. અહીં **'લગ્વ'** (નિરર્થક) વાતોથી અભિપ્રેત તેમની નજીક એ વાતો છે જે દુન્યવી બાબતોથી સંબંધ ધરાવતી હોય. દુન્યવી બાબતોથી સંબંધ ધરાવનારી જરૂરી વાતોને **'લગ્વ'** (નિરર્થક) તો નથી કહી શકાતી પરંતુ "અલ્લાહના ઝિક્ર''ની તુલનામાં દુન્યવી રીતે તેમને **'લગ્વ'** (નિરર્થક) કહેવામાં આવી છે. નહિતર હુઝૂર ના મુખેથી ક્યારેય **'લગ્વ'** (નિરર્થક વાતો-બાબતો)નું આચરણ નથી થયું. આપ ના અનુયાયીઓના ગુણ કુર્આન આ વર્ણવે છે કે : "જે નિરર્થક વાતોથી દૂર રહે છે.'' (સૂરઃ મુ'મિનૂન, આયત-૩). તો પછી હુઝૂર વિષે કોઈ પણ માણસ 'લગ્વ' (નિરર્થક વાતો)ની કલ્પના સુદ્ધાં પણ કેવી રીતે કરી શકે છે.

### આપ ના અખ્લાક

હઝરત બરાઅ રદિ. કહે છે કે રિસાલત મઆબ સૌથી વધુ ખૂબસૂરત અને સૌથી વધીને 'ખલીક' (સદ્ચરિત્ર, વિનમ્ર) હતા. ન તો આપ બહુ લાંબા કદના હતા અને ન તો આપ ટૂંકા કદના હતા.'' (બુખારી)

**સમજૂતીઃ**

મતલબ આ છે કે અલ્લાહતઆલાએ પોતાના રસૂલ ને બાહ્ય તથા આંતરિક બન્ને પ્રકારની ખૂબીઓથી નવાઝયા હતા. ફક્ત દેખાવની દૃષ્ટિએ જ આપ ખૂબસૂરત અને સુંદર હતા એટલું જ નહીં બલ્કે આની સાથે જ સારા ચરિત્રની દૃષ્ટિએ પણ આપ અત્યંત ઉચ્ચ દરજ્જાએ બિરાજમાન હતા. કુર્આનમજીદમાં પણ આપ ને સંબોધન કરતાં ઇર્શાદ થયું છે : "અને નિઃશંક તમે નૈતિકતાના ઉચ્ચ દરજ્જા પર છો.'' (સૂરઃ અલ કલમ, આયત-૪)

(અનુસંધાન 5મા પાને)

"જ્ઞાન સભા''

# શું પિતાની મહેર પુત્ર અદા કરી શકે છે ?

"જ્ઞાન સભા''

ડૉ.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : કોઈ વ્યક્તિએ પોતાની પત્નીની મહેર અદા કરી ન હોય, તેના પર એક સમય વીતી ચૂકયો હોય, તેના પુત્રો મોટા થઈ ગયા હોય, અને ધંધા-રોજગાર પર લાગી ગયા હોય. શું એ સ્થિતિમાં તેઓ પોતાની કમાણીમાંથી પિતાની મહેર અદા કરી શકે છે ? શું આ જાઇઝ હશે કે તેઓ પોતાના તરફથી પિતાને કંઈક રકમ આપે અને કહે કે આનાથી અમારી માતાની મહેર અદા કરી દો.**

ઉત્તર : નિકાહ થતાં જ મહેરની અદાયગી શરીઅતમાં અનિવાર્ય ઠેરવવામાં આવી છે. અલ્લાહતઆલાનો ઇર્શાદ છે :

"અને સ્ત્રીઓની મહેર રાજી-ખુશીથી (અનિવાર્ય સમજીને) અદા કરો.'' (સૂરઃ નિસા, આયત-૪)

આથી નિકાહ બાદ વ્હેલામાં વ્હેલી તકે મહેર અદા કરવામાં વિલંબ કરવો ન જોઈએ. અને કોઈ પણ શરઈ કારણ વિના તેમાં વિલંબ કરવો ન જોઈએ. આપણા સમાજમાં મહેરને બે ભાગોમાં વ્હેંચવામાં આવી છે :

(૧) **મેહરે-મુઅજ્જલ** : આને તુરત જ અદા કરવી જોઈએ.

(૨) **મેહરે-મુઅજ્જલ** : જેને બાદમાં અદા કરવામાં આવે.

કેટલાક સમાજોમાં નક્કી કરેલ મહેર દ્વારા જે ખૂબ જ મામૂલી રકમ મેહરે-મુઅજ્જલ રૂપે ચૂકવી દેવામાં આવે છે, અને બાકીને મેહરે મુઅ્જલ કહી દેવામાં આવે છે, જેની ક્યારેય અદાયગી કરવામાં નથી આવતી. કેટલાક સમાજોમાં તો સમગ્ર જીવન ચૂકવવામાં નથી આવતી. આ અસીમિત વિલંબની કોઈ શરઈ બુન્યાદ નથી, બલ્કે આ સ્ત્રી ઉપર જુલમ છે. કેમકે રોકડની સ્થિતિમાં આ રકમનું પ્રમાણ ઘટતું રહે છે, અને સ્ત્રી આની હક્કદાર હોવા છતાં પણ જીવનપર્યંત તેનાથી કોઈ લાભ નથી ઉઠાવી શકતી.

સ્ત્રીને મહેરની રકમ મળવી જોઈએ. તેની અદાયગી ખરેખર તો પતિના જિમ્મે છે, પરંતુ કોઈ અન્ય પણ તેને અદા કરી શકે છે. દા.ત. પતિનો પિતા કે કોઈ અન્ય નજીકના રિશ્તેદાર. આવી જ રીતે જો કોઈ માણસે ઘણો સમય વીતી પછી પણ મહેર અદા કરી ન હોય અને પુત્રો મોટા થઈ ગયા હોય તો તેઓ પણ પોતાના પિતા તરફથી મહેરની રકમ અદા કરી શકે છે.

### શું પતિનો ઓરમાન પિતા મહ્રમ છે ?

**પ્રશ્ન 'એકસ'ના બાળપણમાં જ તેના પિતાનો ઇન્તેકાલ થઈ ગયો હતો. માતાએ બીજો નિકાહ કરી લીધો હતો. 'એકસ' પોતાની માતા સાથે પોતાના ઓરમાન પિતાના ઘરે રહેતો હતો. હવે એ મોટો થઈ ગયો છે અને તેનો નિકાહ થનાર છે.**

**પ્રશ્ન આ છે કે શું 'એકસ'ની પત્ની માટે 'એકસ'નો ઓરમાન પિતા 'મહરમ' હશે કે નહીં ? મહેરબાની કરીને સ્પષ્ટતા ફરમાવો.**

ઉત્તર : કુર્આનમજીદમાં 'મહરમ' રિશ્તેદારોની વિગતો સૂરઃ નિસાની આયત : ૨૩માં વર્ણવવામાં આવી ચૂકી છે તેમનામાં સગપણના રિશ્તેદારો પણ છે. દા.ત. માતા, પુત્રી, બહેન, ફોઈ, માસી, ભત્રીજી, ભાણેજ, દૂધ-શરીક (ધાવણમાં સામેલ) સગાઓ પણ અને સાસરિયાના સગાઓ પણ, દા.ત. સાસુ, પત્નીની પુત્રી બીજા પતિથી, વહુ, સાળી વિગેરે.

કુર્આનમાં શ્વસુરને સ્ત્રી માટે 'મહ્રમ' બતાવવામાં આવ્યા છે. અલ્લાહતઆલાનો ઇર્શાદ છે :

"અને તમારા તે પુત્રોની પત્નીઓ જેઓ તમારા વીર્યથી હોય.'' (સૂરઃ નિસા, આયત-૨૩)

કેમકે પતિના ઓરમાન પિતાથી સ્ત્રીનો પ્રત્યક્ષ કે સીધેસીધો કોઈ રિશ્તો નથી હોતો, આથી એ સ્ત્રી માટે 'મહ્રમ' નથી.

•••

# દા'વતે ઇલલ્લાહ : કુર્આનના પ્રકાશમાં

● મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમ્રી

## ઇસ્લામી મુઆશરા



અલ્લાહતઆલાના રસૂલોનું આગમન જે હેતુ માટે થાય છે, તેના માટે કુર્આનમજીદમાં એક પરિભાષા **"દઅ્વત ઈલલ્લાહ"** (અલ્લાહની તરફ દા'વત આપવી, બોલાવવું) પ્રયોજાય છે. રસૂલુલ્લાહ ﷺ અંગે ઈર્શાદ છે :

હે પયગંબર ! અમે તમને મોકલ્યા છે સાક્ષી બનાવીને, ખુશખબર આપનાર બનાવીને અને ડરાવનારા બનાવીને, અલ્લાહની અનુમતિથી તેના તરફ આમંત્રણ આપનારા બનાવીને અને પ્રકાશિત દીપ બનાવીને." (સૂરઃ અહ્ઝાબ, અયાત-૪૫, ૪૬)

**'દા'વતે-ઈલલ્લાહ' શું છે ?**

**'દા'વતે ઈલલ્લાહ'**ની કલ્પના વિશુદ્ધ તૌહીદની કલ્પના છે. આ એક અલ્લાહની ઈબાદત તથા આજ્ઞાપાલનની દા'વત છે. આ શિર્ક તથા **'ઈલ્હાદ'**થી મુક્ત અને તેમના પર આધારિત અન્ય ધર્મોથી તદ્દન અલગ અને વિશિષ્ટ છે. રસૂલુલ્લાહ ﷺને હુકમ થયો :

"તમે સ્પષ્ટ કહી દો, મને તો માત્ર અલ્લાહની બંદગીનો જ આદેશ આપવામાં આવ્યો છે અને એનાથી મનાઈ કરવામાં આવી છે કે કોઈને તેની સાથે ભાગીદાર ઠેરવું. આથી હું તેની તરફ જ આમંત્રણ આપું છું અને તેના જ તરફ મારે પાછા ફરવાનું છે." (સૂરઃ રઅ્દ, આયત-૩૬)

આનો અર્થ આ છે કે આપ ﷺ કોઈ સ્વ-નિર્મિત ચિંતન તથા ફિલ્સૂફી રજૂ નથી કરી રહ્યા, બલ્કે એ દીન તેઓ રજૂ કરી રહ્યા છે. જેની તાલીમ અલ્લાહતઆલાએ આપ ને આપી છે. આનો પાયો અલ્લાહની વહી છે. આનો કેન્દ્રીય બિંદુ આ છે કે ઈબાદત અલ્લાહતઆલાની થાય અને એ શિર્કથી મુક્ત હોય. કોઈ પણ વ્યક્તિ કે સમૂહને, કોઈ પણ દશ્ય (જોઈ શકાતી) કે અદશ્ય શક્તિને ખુદાઈ દરજ્જો આપવામાં ન આવે કે તેને મા'બૂદ (ઉપાસ્ય) સમજવામાં ન આવે, અને તેની ઈબાદત કરવામાં ન આવે. આપ ﷺ એની જ દા'વત આપી રહ્યા છે. આ અલ્લાહનો હુકમ છે. આના માટે જ આપ ﷺ તેની તરફથી નિયુક્ત છે.

**દા'વતે-ઈલલ્લાહની વિશેષતાઓ :**

(૧) વિશ્વમાં વ્યક્તિગત્, કોમી, વતની અને રાષ્ટ્રીય ચળવળો ઊભરતી જ રહે છે. તેમની તરફ નિમંત્રણ આપવા કે બોલાવવામાં પણ આવે છે. કેટલીક વખત એક ખાસ વર્તુળમાં તેમની અસરો પણ જોવા મળે છે, પરંતુ **"દા'વતે ઈલલ્લાહ"** એ તમામથી અલગ છે. તેની વિશિષ્ટતા આ છે કે આ એક વૈશ્વિક 'દા'વત' (આમંત્રણ) છે અને તેનું સંબોધન વિશ્વના તમામ માનવોથી છે. કુર્આન-મજીદ, દરેક વ્યક્તિ-માનવને અને માનવ-જાતિના તમામ લોકો અને વર્ગોને વારંવાર સાદ પાડે છે કે એ 'અલ્લાહ-વાહિદ' (એક માત્ર અલ્લાહ)ની ઈબાદતનો માર્ગ અપનાવે, તે એટલા માટે કે એ જ આને પાત્ર છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

"લોકો ! બંદગી અપનાવો, પોતાના તે રબની જે તમારો અને તમારા અગાઉ જે લોકો થઈ ગયા છે, તે સૌનો સર્જનહાર છે. તમારા બચાવની આશા આ જ રીતે થઈ શકે છે." (સૂરઃ બકરહ, આયત-૨૧)

(૨) **'દા'વત ઈલલ્લાહ'** વાસ્તવમાં માનવોની ભલાઈ અને કલ્યાણની દા'વત છે. આ ખાનગી કે વ્યક્તિગત્, કૌટુંબિક અને વર્ગીય હિતો અને દેખાડા કે ખોટી ખ્યાતિ જેવી ખોટી લાગણીઓથી, જેમાં ભૌતિક ચળવળોના ધ્વજધારીઓ સંડોવાયેલા હોય છે, મુક્ત હોય છે. અલ્લાહના રસૂલ આ જ એખલાસ અને નિઃસ્વાર્થતા સાથે **'દા'વતે ઈલલ્લાહ'**ની ફરજ અંજામ આપે છે. રસૂલુલ્લાહ ﷺના પવિત્ર મુખેથી એલાન થયું અને આપ ﷺના કોઈ મોટામાં મોટી વિરોધીને આનો રદિયો આપવાની હિંમત ન થઈ :

"અને કહી દો કે હું આ (પ્રચાર અને માર્ગદર્શનના) કાર્ય માટે તમારા પાસેથી કોઈ બદલો માગતો નથી, આ તો એક જાહેર શિખામણ છે તમામ દુનિયાવાળાઓ માટે." (સૂરઃ અન્આમ, આયત-૯૦)

(૩) માનવીની દષ્ટિ સીમિત છે. તેની સાથે વિચાર અને અમલની કમજોરીઓ છે. તે એક ખાસ વર્તુળમાં જ વિચારે છે. તેની મોટી કમજોરી આ છે કે એ મનુષ્યોને સમૂહો-વર્ગોમાં વહેંચીને પોતાના સ્વાર્થ હાસલ કરવા ચાહે છે. ક્યારેક એક વ્યક્તિ બીજી વ્યક્તિથી અનુચિત ફાયદો ઉઠાવે છે, અને ક્યારેક એક કોમ બીજી કોમનું શોષણ કરે છે. આનાથી જ કશ્મકશ અને ફિત્ના-ફસાદના રસ્તા ખૂલે છે. 'દા'વતે ઈલલ્લાહ' 'મખ્લૂક' (સૃજન) ને તેના 'ખાલિક' (સર્જનહાર)ની ઈબાદત તથા આજ્ઞાપાલનની 'દા'વત' (નિમંત્રણ) છે. આ સૌના માટે છે અને દરેકની ભલાઈ આનાથી જોડાયેલ છે. કુર્આન કહે છે કે હવે તમે જ બતાવો કે આનાથી બહેતર કઈ દા'વત છે, જે માણસ આનો ધ્વજ પકડે તેનાથી બહેતર અને નિખાલસ 'દાઈ' (નિમંત્રક) કોણ છે ?

"અને તે માણસની વાત કરતાં વધુ સારી વાત બીજા કોની હશે જેણે અલ્લાહ તરફ આમંત્રણ આપ્યું અને સદ્કાર્યો કર્યા અને કહ્યું કે હું મુસ્લિમ (અલ્લાહનો આજ્ઞાંકિત) છું." (સૂરઃ હા-મીમ-અસ્સજ્દહ, આયત-૩૩)

(અનુસંધાન 5મા પાને)

સોનેરી વાક્યો સોનેરી વાક્યો

## સોનેરી કથન

### મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું

- પોતાના ભાઈની મદદ કરો, ચાહે એ જાલિમ હોય કે મજલૂમ (પીડિત). 'મજલૂમ'ની મદદ આ છે કે તેને જાલિમના જુલ્મથી છોડાવવા (બચાવવા)માં આવે, અને 'જાલિમ'ની મદદ આ છે કે તેને 'જુલ્મ' કરવાથી રોકવામાં આવે.
- જે માણસ આ વાતથી ખુશ થાય કે લોકો તેના માટે સન્માન ખાતર ઊભા થાય તો એ પોતાનું ઠેકાણું આગમાં સમજે.
- શ્રેષ્ઠ લોકો એ છે કે જેઓ સારા ચારિત્ર્યના માલિક છે.
- (ખર્ચમાં) મધ્યમ માર્ગ અપનાવનાર ક્યારેય મહોતાજ નથી થતો.
- અલ્લાહતઆલાએ દરેક રોગનો ઈલાજ (રોગમાંથી મુક્તિ) પણ રાખેલ છે.
- દરેક ગુનાહની તૌબા છે પરંતુ બદ-અખ્લાકી (દુષ્ચરિત્ર)ની નથી.
- દુનિયાનો મોહ દરેક ભૂલ (ગુના)નો મૂળ છે.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

'ઇલાહી! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઇલાહી! મુઝે ગુનાહોં સે ઇતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)


M : 9898062816 Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound, S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા

ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.)
ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)
ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮

Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પ્લેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઇંડાના વહેપારી
જમાલપુર હલાઈવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

# કોમી સૌહાર્દ અને મુહમ્મદ ﷺનું જીવન-સંદેશ

**સંપાદક મંડળ**

આરબોના અભ્યાસના જાણકારો વિભિન્ન કબીલાઓમાં વહેચાયેલા આરબોનો ઇતિહાસ જાણે છે. તેમના આક્રમક અને લડાયક સ્વભાવના કારણે કોઈ શક્તિ તેમને પોતાના આધીન ન કરી શકી. ન કોઈ સુધારક સફળ થયો, ન કોઈ સભ્યતા વિકાસ પામી. આવા શુષ્ક રણપ્રદેશને સંપૂર્ણપણે બદલી નાખવું પોતાનામાં એક મોટી અદ્ભૂત સિદ્ધિ છે.

**અત્યંત પવિત્ર અને સાદું જીવન :**

જીવનમાં આપ ﷺએ ક્યારેય અસત્યનું ઉચ્ચારણ નથી કર્યો, ક્યારેય વચનભંગ નથી કર્યું, ક્યારેય કોઈને અન્યાય નથી કર્યો, કોઈની સાથે લડાઈ-ઝઘડો નથી કર્યો, ગાળ તો કલ્પના બહારની વાત છે કોઈને અપશબ્દ પણ નથી બોલ્યા, પોતાના વતી કોઈને દુઃખ કે તકલીફ નથી આપ્યા. સાદી ચટાઈ ઉપર સૂતા, સાદું ભોજન જમતાં, જીવનમાં ક્યારેય સળંગ ૩ દિવસ પેટ ભરીને ખાધું નથી, પોતાનું કાર્ય પોતાના હાથે જ કરવાનો આગ્રહ રાખતાં. ગૃહકાર્ય કરવામાં પણ જરાય સંકોચ ન અનુભવતા,બાળપણમાં બકરીઓ ચરાવતા, યુવાન વયે વેપાર પણ કર્યો. આપે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, અને રાજકીય સ્તરે પવિત્ર અને સકારાત્મક પરિવર્તન ખૂબ ટૂંકાગાળામાં લાવી દીધું.

આ વાત સુવિદિત છે કે દારૂ અને વ્યસન દરેક પ્રકારના દુર્ગુણ અને દુષ્કર્મની જનની છે. વ્યક્તિગત્ અને સરકારી સ્તરે હજારો પ્રયત્નો છતાં માનવ સમાજ તેમાંથી મુક્ત થઈ શક્યો નથી. પરંતુ ઇતિહાસમાં પહેલી વાર દારૂના વ્યસન ઉપર સંપૂર્ણપણે જો કોઈએ કાબૂ મેળવ્યો હોય તો તે આપ ﷺની પવિત્ર હસ્તી છે.

વ્યાજ એટલે આર્થિક તબાહી, શ્રીમંત વધારે શ્રીમંત અને ગરીબ વધારે ગરીબ બનતો જાય છે. વિશ્વની મહાસત્તાઓએ આર્થિક શોષણ કરીને સામ્રાજ્યવાદ ઊભો કર્યો છે. આપ ﷺએ આ વ્યવસ્થાને જડમૂળથી નાબૂદ કરીને બતાવી દીધી. ગરીબો, વંચિતો અને મજબૂરોની મદદ કરવા અને દાન કરવાને પ્રોત્સાહન આપ્યું.

સ્ત્રીને માતા-પત્ની અને પુત્રી તરીકે ઉચ્ચ સ્થાન અને તેની પ્રકૃતિ મુજબ સમાન અધિકારો આપ્યા. સમાનતા અને ભાઈચારા ઉપર આધારિત એક સમાજનું નિર્માણ કરી બતાવ્યું. માત્ર માનવો પ્રત્યે જ નહી પણ પ્રાણી, પક્ષી અને પર્યાવરણ પ્રત્યે પણ લોકોમાં સજાગતા ઊભી કરી. સ્ત્રી અને પુરુષ બંનેને શિક્ષણ લેવાનું ફરજિયાત કર્યું અને કર્તવ્ય અને અધિકારો વચ્ચે સુંદર સંતુલન સ્થાપ્યું.


**યુધ્ધના નિયમો :** કહેવાય છે કે પ્રેમ અને યુદ્ધમાં બધું જાઇઝ છે.પણ અલ્લાહના અંતિમ પયગંબરે આ યુક્તિને તદ્દન ખોટી ઠેરવીને યુદ્ધના પણ એવા નિયમો જગતને આપ્યા કે જેમાં ઉચ્ચ ધોરણની નૈતિકતા સ્પષ્ટ દેખાતી હતી. બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને મારવા, લાશોને વિકૃત કરવી, છોડ, વૃક્ષો, અનાજ, ફળ, શાકભાજી અને ખેતીને નુકસાન પહોંચાડવું, અને જે લડવા ન ઇચ્છતા હોય તેમની સાથે યુદ્ધ કરવાની મનાઈ ફરમાવી તથા યુદ્ધ કેદીઓની સાથે પણ ઉત્તમ માનવીય વ્યવહાર કરવાનું શિક્ષણ આપ્યું.

પયગંબર મુહમ્મદ ﷺ દ્વારા સામાજિક અને કોમી સૌહાર્દને માત્ર પ્રોત્સાહિત ન કરવામાં આવ્યો, બલ્કે એવા નમૂનારૂપ આદર્શ આપ્યા કે જેમાં આજની જવલંત સમસ્યાઓના નિરાકરણ માટે આપણી પેઢીઓને હંમેશાં માર્ગદર્શન મળતું રહેશે.

**હિલ્ફુલ-ફુઝૂલ – (ધાર્મિક/ સામાજિક ન્યાયનો કરાર)એક ઉદાહરણીય કાર્ય :**

રિસાલતના પદ પર બિરાજમાન થતાં પહેલા પણ આપનું ચરિત્ર એક સત્યવાદી, ન્યાય અને શાંતિપ્રિય વ્યક્તિનું હતું. આપની યુવાનીની એક ઘટના છે કે એક વેપારી મક્કામાં માલ વેચવા આવ્યો. મક્કાના એક આગેવાને એ વ્યક્તિનો માલ લઈ લીધો, પણ પૈસા આપ્યા નહી. તેણે મદદ માટે મિત્ર કબીલાઓને પોકાર્યા, પરંતુ કોઈ સાંભળવા તૈયાર ન થયું. આવા બનાવો બન્યા,એટલે મક્કાના કેટલાક ન્યાયપ્રેમી લોકો, જેમાં હઝરત મુહમ્મદ ﷺ પણ સામેલ હતા, ભેગા થયા અને તેમના વચ્ચે એક કરાર કરવામાં આવ્યો, જેને હિલ્ફુલ-ફુઝૂલ કહેવાય છે. તેમાં ઠરાવવામાં આવ્યું કે દેશમાંથી અશાંતિ દૂર કરીશું, મક્કામાં પીડિત દેખાશે તો કોઈ પણ જાત, ધર્મ કે કુળના દબાણ કે ભેદભાવ વગર તેની મદદ કરવામાં આવશે, તેને સમર્થન આપવામાં આવશે અને ન્યાય અપાવવામાં આવશે. પયગંબર બન્યા પછી પણ તે ઘટનાને યાદ કરતાં હઝરત મુહમ્મદ ﷺ કહેતા હતા કે "મને હિલ્ફુલ-ફઝૂલમાં ભાગ લેવું ગમ્યું હતું. જો આજે પણ એવો કોઈ કરાર થાય, તો હું તેમાં ભાગ લઈશ." આ એક આંતરધર્મીય ન્યાય ગઠબંધનનું પહેલું ઉદાહરણ ગણાય છે.

આ જ રીતે, મક્કાવાસીઓના ત્રાસથી મુસલમાનો હિજરત (સ્થાનાંતરણ) કરી મદીના પહોંચ્યા. ત્યાં પણ સામાજિક એકતા, શાંતિ અને ન્યાયના વિકાસ માટે પયગંબર હઝરત મુહમ્મદ ﷺના નેતૃત્વમાં એક લેખિત કરાર કર્યો, જેને મદીના સંધિ (Constitution of



Madinah) તરીકે ઓળખાય છે. ઘણા ઇતિહાસકારો તેને દુનિયાનું પ્રથમ બંધારણ પણ કહે છે. તેમાં મક્કાથી હિજરત કરીને આવેલા મુસલમાન અને સ્થાનિક મુસલમાન, યહૂદી, ખ્રિસ્તી તેમજ અન્ય આરબ જાતિઓને એક સમુદાય તરીકે સમાન અધિકારો આપવામાં આવ્યાં. કાનૂનની સર્વોપરિતા અને ધાર્મિક તથા સાંસ્કૃતિક સ્વતંત્રતા વગેરે આપવામાં આવ્યાં. આ દસ્તાવેજ વિવિધ સમુદાયો વચ્ચે ભાઈચારો, શાંતિ તથા સામાજિક સહઅસ્તિત્વ માટેનું બીજ ગણાય છે.

આ જ રીતે, જ્યારે પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ઉમરા (કા'બાની પરિક્રમા) કરવા મદીનાથી મક્કા ગયા ત્યારે કુરૈશ કબીલાના લોકોએ આપ ﷺ અને આપના સાથીઓને મક્કામાં પ્રવેશ કરતા રોકી દીધા. તણાવ વધતો ગયો એટલે યુદ્ધને ટાળવા બંને પક્ષે વાતચીત શરૂ કરી અને ૧૦ વર્ષ માટે એક સંધિ કરવામાં આવી, જેને ઇતિહાસમાં સુલેહ હુદૈબિયા તરીકે ઓળખવામાં આવે છે. આ સંધિમાં પયગંબર ﷺએ મોટા ભાગે વિરોધીઓની શરતોને સ્વીકાર કરી હતી અને યુદ્ધ ટાળીને શાંતિનો માર્ગ અપનાવ્યો.

દુનિયાનો ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે વિજેતાઓ કોઈ નગરને જીતી લે છે, ત્યારે કેવી ખાનાખરાબી અને હિંસા થાય છે. પરંતુ હઝરત મુહમ્મદ ﷺ આવા સમયે પણ પોતાની રહેમતના ઉચ્ચ સ્થાન પર બિરાજમાન દેખાયા. આપ જ્યારે પોતાના શૂરવીર અનુયાયીઓ સાથે એક વિજેતા તરીકે મક્કામાં પ્રવેશ્યા, ત્યારે કોઈ હિંસા ન થઈ, કોઈ યુદ્ધ ન થયું, કોઈનાથી બદલો લેવામાં ન આવ્યો. એક અનુયાયી, જેની પશ્વાદ્ભૂમિમાં વ્યાપક ઐતિહાસિક સંઘર્ષ ઉછાળા મારી રહ્યો હતો, તેના મોઢેથી નીકળ્યું કે "આજે ઘમાસાણ યુદ્ધનો દિવસ છે, આજે કા'બાના વિસ્તારને લડાઈ માટે ખોલી દેવામાં આવશે". પયગંબર મુહમ્મદ ﷺને ખબર પડી, તો તેમના હાથમાંથી ધ્વજ લઈને તેમના જ દીકરાને આપી દીધો અને કહ્યું કે: "આજે કા'બાની મહાનતાનો દિવસ છે, નેકી અને પ્રેમનો દિવસ છે". અને તે સાથે માફી તથા દયાની સાર્વજનિક જાહેરાત કરી દીધી. વિચાર કરો — ઇસ્લામના કટ્ટર દુશ્મનો તથા સ્વયં પોતાની જાત પર અને પોતાના પ્રિય સાથીઓ પર વર્ષો સુધી અત્યાચાર કરનારાઓ, મજાક-મશ્કરી કરનારાઓ, ગંદકી ફેંકનારાઓ, રસ્તામાં કાંટા બિછાવનારાઓ, કેદ કરનારાઓ, હત્યાના ષડ્યંત્રો રચનારાઓ, વતનથી કાઢી મૂકનારાઓ, પછી તલવાર લઈને રણભૂમિમાં આપના સામે આવી જનારાઓના ઘૃણાસ્પદ અને સંગીન ગુનાઓને તદ્દન ભુલાવી દીધા અને જાહેર માફીનું એલાન કરી દીધું. અને આમ શાંતિપૂર્વક કોઈ રક્ત વહાવ્યા વગર મક્કાવિજય પરિપૂર્ણ થયો..

પયગંબર ﷺ કોઈ દુન્યવી વિજેતા ન'હોતા કે બળજબરી અને શક્તિથી અમુક લોકોને આધીન બનાવી લેતા અને દંડાના જોરે ડરાવી-ધમકાવીને તેમને પોતાના આજ્ઞાંકિત બનાવી લેતા. આપ એક નૈતિક આંદોલન અને એક પવિત્ર પરિવર્તનના ધ્વજવાહક હતા.

જુઓ તો ખરા! કે જગતના કલ્યાણ અને ઉન્નતિ માટે પયગંબર ﷺ, કેવી તકલીફો, કેવી મુશ્કેલીઓ, કેવા સંઘર્ષો અને વિરોધીઓના કેવા તોફાની ઉધમાતમાંથી પસાર થયા અને દૃઢ નિર્ણય અને નિર્ધાર સાથે બહાર આવ્યા; કેવી બહાદુરીથી પ્રત્યેક વિરોધીના પડકારનો સ્વીકાર કર્યો તથા અત્યાચાર અને ઉપદ્રવની દરેક શક્તિને કચડી નાખી, વેરવિખેર કબીલાઓને એક કરી દીધા, તેમને અજ્ઞાનતાપૂર્ણ નેતૃત્વથી મુક્તિ અપાવી, તેમને શિક્ષા-દિક્ષા આપી, શાંતિનું વાતાવરણ ઉપલબ્ધ કર્યું, કાનૂનનું શાસન સ્થાપિત કર્યું, ભાઈચારા અને સમાનતાના પાયા પર સમાજની રચના કરી, શાસન માટે 'શૂરાઈયત' (વિચાર-વિમર્શ)ના સિદ્ધાંતને મૂળભૂત સિદ્ધાંત બનાવી લોકતાંત્રિક યુગનો આરંભ કર્યો.

હઝરત મુહમ્મદ ﷺની બુદ્ધિમત્તાની પરાકાષ્ઠા એ પણ છે કે આટલી લડાઈઓ લડી અને આટલી કૂચ તથા અભિયાનો આદર્યા, પરંતુ અત્યંત ઓછો રક્તપાત થયો, ઓછામાં ઓછી જાનહાનિ થઈ. આરબ જેવા લડાયક સમાજને સંગઠિત કરીને એક વિશાળ રાજ્યનું એક સૈદ્ધાંતિક વિચારધારા હેઠળ પહેલી વાર નિર્માણ આટલા ઓછા રક્તપાત વડે થવું એ માનવ ઇતિહાસની એક આશ્ચર્યજનક ઘટના છે.

સત્ય એ છે કે આજે આપણામાંથી દરેક મનુષ્ય, ભલે તે આ વાસ્તવિકતાને જાણે કે ન જાણે, હઝરત મુહમ્મદ ﷺનો ઋણી છે. આપણને જીવનની સફળતાના જે સિદ્ધાંતો, જે સાંસ્કૃતિક મૂલ્યો, જે નૈતિક પરંપરાઓ એ મુબારક હસ્તી તરફથી પ્રાપ્ત થયા છે, ઉપરાંત માનવતાનો જે આદર્શ નમૂનો આપ ﷺના માધ્યમથી આપણી સામે આવ્યો છે અને સભ્યતાની ઉચ્ચતમ સીમા સાથે જે સૌથી ઉત્તમ સંતુલિત વ્યવસ્થા આપ ﷺએ નિર્માણ કરીને બતાવી આપી છે..શું આ તમામ ને'મતો (કૃપાઓ) આપણે ક્યારેય પામી શક્યા હોત?!

આપ ﷺએ સામાજિક જવાબદારીને એક દૃષ્ટાંતથી સમજાવતાં કહ્યું કે, "અલ્લાહની મર્યાદાઓનું પાલન કરનારા અને ઉલ્લંઘન કરનારાઓનું ઉદાહરણ એવા લોકો જેવું છે, જેમણે હોડી માટે ચિઠ્ઠીઓ નાખી. પરિણામે, કેટલાક લોકોને હોડીનો ઉપરનો ભાગ મળ્યો અને કેટલાકને નીચેનો ભાગ મળ્યો. તેથી, જે લોકો તળિયે (નીચે) હતા તેઓએ (નદીમાંથી) પાણી મેળવવા માટે ઉપરના ભાગ ઉપર આધારિત થવું પડતું હતું. તેઓએ વિચાર્યું, 'આપણે આપણા પોતાના ભાગમાં એક છિદ્ર કેમ ન બનાવીએ જેથી આપણે ઉપરના ભાગના લોકોને કોઈ મુશ્કેલી ન પહોંચાડીએ?' હવે, જો ઉપરના ભાગના લોકો તળિયે (નીચે) રહેલા લોકોને જે જોઈએ તે કરવા દે, તો હોડી પરના બધા લોકો નાશ પામશે, અને જો ઉપરના ભાગના લોકો તળિયે (નીચે) રહેલા લોકોનો હાથ પકડી લેશે, તો તેઓ પોતે બચશે અને આખી હોડી પણ બચી જશે." (બુખારી : ૨૪૯૩)

આટલું મોટું પરિવર્તન વિશુદ્ધ એકેશ્વરવાદ, આખિરતમાં ઈશ્વર સમક્ષ ઉત્તરદાયિત્વની ભાવના, નૈતિકતાની પરાકાષ્ઠા, નિસ્વાર્થ બલિદાન અને આટલી વિશાળહૃદયતા,પ્રેમ અને માફીની નીતિ વગર શક્ય ન'હતી.

અલ્લાહની કૃપાઓ થાય..હઝરત મુહમ્મદ ﷺ પર જેમણે તદ્દન સાચા અર્થમાં **"રહમતુલલિલ આલમીન"** એટલે કે સમગ્ર વિશ્વ માટે રહેમત અને દયાવાન બનીને આદર્શ ઉદાહરણ પૂરૂં પાડ્યું.. આપણે આ મહાન હસ્તીનો જેટલો આભાર વ્યક્ત કરીએ તેટલો ઓછો જ છે.... •••

# વિલાદતનો જશ્ન કે ઈતાઅતનો નિર્ધાર

## વિલાદતે નબવી ﷺનો પૈગામ.. ઈમાન, મુહબ્બત અને અનુસરણ પર આધારિત

ખબીબ કાઝમી (કતર)

પ્રકાશ જ્યારે અંધારાના આવરણને ચીરી નાંખે છે તો મન-મસ્તિષ્ક અને પ્રાણમાં જીવનની જ્યોત પ્રકાશિત થઈ ઊઠે છે. માનવ ઈતિહાસની સૌથી જ્યોતિર્મય ક્ષણ એ છે જ્યારે અરબ-રણના મક્કા શહેરના શાંત વાતાવરણમાં એક બાળકના જન્મે એ સમગ્ર જગતને જળહળતું કરી દીધું હતું. આ કોઈ સામાન્ય જન્મ ન'હતો. આ સૃષ્ટિના ઇમામ, આલોક-પરલોકના સરદાર અને સમગ્ર માનવસમાજ માટે દયાના સાગર હઝરત મુહમ્મદ મુસ્તુફા ﷺનો જન્મ હતો. એ ક્ષણ જ્યારે ધરતીએ આકાશ સાથે સંબંધ જોડ્યો અને માનવતાએ પોતાના અસલ રહેનુમાને પ્રાપ્ત કર્યા.




અલ્લાહતઆલાએ આ મહાન નેઅ્મતનો ઉલ્લેખ કરતાં કહ્યું: "હકીકતમાં ઈમાનવાળાઓ પર તો અલ્લાહે ઘણો મોટો ઉપકાર કર્યો છે કે તેમના વચ્ચે સ્વયં તેમનામાંથી જ એવો રસૂલ (સંદેશવાહક) મોકલ્યો જે તેની (અલ્લાહની) આયતો તેમને સંભળાવે છે, તેમના જીવન શુધ્ધ કરે છે અને તેમને ગ્રંથ અને તત્ત્વદર્શિતા અને બુદ્ધિમત્તાનું શિક્ષણ આપે છે, જો કે આ પહેલાં આ લોકો સ્પષ્ટ પથભ્રષ્ટતાઓમાં પડેલા હતા." (સૂરઃ આલે-ઈમરાન, આયત-૧૬૪)

એટલે આ માત્ર એક ઈન્સાનનો જન્મ નહીં બલ્કે સર્જનહારની કૃપા,એનો ઉપકાર અને માર્ગદર્શનનો ઉચ્ચતમ ઉપહાર હતો.

આ એક સર્વસ્વીકૃત વાસ્તવિકતા છે કે આપ ﷺના આગમને માનવતાની તૂટી ગયેલી કમરને સહારો આપ્યો. મૃતપ્રાય હૃદયોને ઈમાનનું જીવન અર્પણ કર્યુ અને ગુલામી તથા તિરસ્કારમાં જકડાઈ ગયેલા માનવોને ઇઝ્ઝત અને શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ. આ વિલાદત એક હિદાયતનો ચિરાગ છે જે કયામત સુધી ભટકી ગયેલા ઈન્સાનો માટે માર્ગદર્શનનો સ્તંભ છે. આ એક મુહબ્બતનો કરાર છે જે દરેક મો'મીનના દિલને આપ ﷺના સ્નેહથી તૃપ્ત કરી દે છે અને આ એક અનુસરણનો સંદેશ છે જે આપણને યાદ દેવડાવતો રહે છે કે સફળતાનું રહસ્ય માત્ર અને માત્ર અલ્લાહના રસૂલ ﷺની સુન્નતના અનુસરણમાં જ છે.

રસૂલુલ્લાહ ﷺના હક્કોમાં સૌથી મોટો અને પ્રથમ હક આપથી મુહબ્બત છે. નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું : "તમારામાંથી કોઈ ત્યાં સુધી મો'મિન નથી હોઈ શકતો જ્યાં સુધી હું તેના નજીક તેના પિતા, તેની સંતાન અને તમામ લોકોથી વધારે પ્રિય ન થઈ જાઉં."

આ જ મુહબ્બત હઝરત ઉમર રદિ.ના બનાવમાં આપણને દેખાય છે જ્યારે તેમણે પોતાની જાનને પણ રસૂલુલ્લાહ ﷺની મુહબ્બત પર પ્રાથમિકતા આપીને પોતાના ઈમાનને પરિપૂર્ણ કરી દીધું.

આ જ મુહબ્બત જન્નતની ખાત્રી છે જેમકે હઝરત અબૂ ઝર રદિ.થી અલ્લાહના રસૂલ ﷺએ ફરમાવ્યું: "કે કયામતના દિવસે ઈન્સાન એના જ સાથે હશે જેનાથી એ મુહબ્બત કરે છે."

પરંતુ અફસોસ! આજે આપણા દિલમાં ગાયકો, ખેલાડીઓ અને દુનિયાપરસ્ત નેતાઓ અને સત્તાધારીઓએ એ મુહબ્બતની જગ્યા ધારણ કરી લીધી છે. અને રસૂલુલ્લાહ ﷺથી વાસ્તવિક મુહબ્બત દિલના કોઈક ખૂણામાં દબાઈને રહી ગઈ છે.

યાદ રાખજો! મુહબ્બત માત્ર જીભથી દાવો કરવાનું નામ નથી બલ્કે અનુસરણ વગર આ મુહબ્બત અધુરી અને અર્થહીન છે.

આ મુહબ્બતની સાથે સાથે રસૂલુલ્લાહ ﷺનો બીજો મોટો હક અદબ અને એહતેરામનો છે. કુર્આન આપણને ટકોર કરે છે કે: "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! અલ્લાહ અને તેના રસૂલથી આગળ ન વધો અને અલ્લાહથી ડરતા રહો, અલ્લાહ બધું જ સાંભળનાર અને જાણનાર છે." (સૂરઃ હુજુરાત-૧)

એટલે અલ્લાહ અને તેના રસૂલ ﷺના ફેંસલાઓથી આગળ ન વધો, એ હિદાયતોને બીજા તમામ પર પ્રાથમિકતા આપો. સહાબાએ કિરામ રદિ.એ હંમેશાં આ ઉચ્ચ અદબનું અમલીકરણ કર્યુ.

આપ ﷺએ પોતાના અંતિમ ખુત્બા વખતે જ્યારે લોકોથી પૂછ્યું: "આ કયો દિવસ છે? આ કયો મહિનો છે? કયું શહેર છે? બધાએ અદબ અને આજીજી સાથે જવાબ આપ્યા: "અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે છે." જો કે બધાને ખબર હતી કે આ અરફાનો દિવસ છે. આ મહિનો ઝિલહજ્જ છે અને આ શહેર મક્કા છે. છતાં પણ અદબના કારણે આ જવાબ આપ્યો. આ જ વાસ્તવિક ઈમાન અને અદબની રૂહ છે.

આજે આપણે જોઈ રહ્યા છીએ કે પોતાની મરજી, પોતાનો મત, પોતાની ઈચ્છાને સુન્નતે નબવી પર પ્રાથમિકતા આપવામાં આવે છે ત્યાં સુધી કે અમુક લોકો તો સુન્નત પર વાંધા-વચકા ઊભા કરવાથી પણ રોકાતા નથી. આ કમજોરી અને અધૂરા ઈમાનની નિશાની છે. ખરી ઇઝ્ઝત અને સરબુલંદી એ વાતમાં છે કે દરેક સંજોગોમાં સુન્નતને પકડી રાખવી પડે, દિલ અને દિમાગને એના આધીન કરી દેવા પડે અને પોતાની ઈચ્છાઓને આ મહાન હિદાયત સામે નિછાવર કરી દેવી પડે.

રસૂલુલ્લાહ ﷺનો ત્રીજો હક એ છે કે આપણે આપ ﷺપર મોટા પ્રમાણમાં દુરૂદ અને સલામ મોકલતા રહીએ. કુર્આને ઘોષણા કરી છેઃ **ઇન્નલ્લાહ વ માલાઈકતહુ યુસલ્લૂના અલન્નબી યા અય્યૂહલ્લઝીના આમનૂ સલ્લૂ અલૈહિ વસલ્લિમૂ તસ્લીમા** - એટલે જુઓ! અલ્લાહતઆલા પોતે અને તેના ફરિશ્તાઓ નબીએ કરીમ ﷺ પર દુરૂદ મોકલી રહ્યા છે. હે ઈમાનવાળાઓ! તમે પણ આપના ઉપર દુરૂદ અને સલામ મોકલો. પોતાના દિલ અને જીભના નૂરથી દુરૂદને મુનવ્વર કરો.

આપ ﷺએ ફરમાવ્યું: "જે મારા પર એક વખત દુરૂદ મોકલે છે, અલ્લાહતઆલા તેના પર દસ રહેમતો નાઝિલ કરે છે. અને કયામતના દિવસે મારાથી સમીપ એ હશે જે મારા પર સૌથી વધારે દુરૂદ મોકલનાર હશે. જેથી દુરૂદ જ એ પુલ છે જે દુનિયાથી આખિરત સુધી રસૂલ ﷺના સાંનિધ્યનું માધ્યમ છે.

પરંતુ મુહબ્બત, અદબ અને દુરૂદ આ બધું સુન્નતને માન્યા વગર સંપૂર્ણ થતું નથી. મુહબ્બત એ જ છે જે અમલમાં ઢળી જાય અને અનુસરણ એ છે જે દિલની મુહબ્બતને જાહેર કરે. સહાબાએ કિરામ રદિ.એ સાબિત કરી દીધું કે મુહબ્બત માત્ર જીભથી નહીં બલ્કે અમલનો તકાદો કરે છે. સુલેહ હુદૈબિયાના પ્રસંગે જ્યારે દેખીતી રીતે મુસલમાનોએ નુકસાન દેખાય એવો કરાર કરવો પડયો તો સહાબા રદિ.ના દિલને ખૂબ ધક્કો લાગ્યો પણ જ્યારે મામલો રસૂલુલ્લાહ ﷺના ફેંસલા પર આવ્યો તો બધાએ પોતાના મત અને માન્યતાને ત્યજી દીધી.અહીં ઈમાનની પુખ્તતા અને અનુસરણની હકીકત છતી થાય છે.

અંતિમ અને સૌથી મોટો હક એ છે કે આપણે આપણી જિંદગીને રસૂલુલ્લાહ ﷺની સીરતની છબી બનાવી લઈએ. આપ ﷺ સીરત એ દીપક છે જે અંધકારને દૂર કરી દે છે. જે સિરાતે મુસ્તકીમ એટલે કે સીધો અને અટલ માર્ગ છે જે સીધી મંઝીલ સુધી આપણને પહોંચાડી દે છે. રસૂલુલ્લાહ ﷺની સીરત વગર કોઈ જિંદગી સંપૂર્ણ નથી હોઈ શકતી. કોઈ વ્યક્તિ કે સમાજ કે જમાઅત ઇઝ્ઝત અને સન્માન કે ઉચ્ચતા પ્રાપ્ત કરી શકતી નથી.

વ્હાલા વાંચક બિરાદરો! વિલાદતે નબીએ કરીમ ﷺ ઈતિહાસનો માત્ર એક બનાવ નથી બલ્કે આજે પણ આપણા ઈમાન, આપણી મુહબ્બત અને આપણા અનુસરણની કસોટી છે. આ જશ્ને વિલાદત નથી બલ્કે ઇતાઅતનો કરાર અને નિર્ધાર છે.

આવો! આપણે આપણા દિલોને મુહબ્બતે રસૂલ ﷺથી પૂરેપૂરા ભરી દઈએ. આપણી જીભોને દુરૂદથી સજાવી દઈએ. આપણી જિંદગીઓને સુન્નતથી શણગારી દઈએ. અને આપણા કિરદાર અને ચરિત્રને પાક-પવિત્ર સિરતનો આઈનો બનાવી દઈએ.

આ જ એ રસ્તો છે જે આપણને દુનિયાની દુર્દશા અને અપમાન અને તિરસ્કારથી મુક્તિ અપાવી શકે છે અને આખિરતમાં સફળતા અપાવી શકે છે.

અલ્લાહ આપણને એ ખુશનસીબોમાં સામેલ કરી દે જે રસૂલે અકરમ ﷺની મુહબ્બતમાં જીવે છે. સુન્નત પર મરે છે અને હશ્રમાં આપનું સાંનિધ્ય પામે છે.

સલ્લલ્લાહુ અલા સૈયદિના મુહમ્મદ વ અલા આલિહિ વ અસ્હાબિહિ અજમઈન. •••

# મુહમ્મદ ﷺનું આગમન અને જ્ઞાન શીખવું અને શીખવાડવું

● મૌલાના સૈયદ મુહમ્મદ વાઝેહ રશીદ નદવી

નબીએ-ઉમ્મી (નિરીક્ષર) રસૂલ ﷺ ઉપર નાઝિલ થનાર પ્રથમ વહ્યનો આરંભ શબ્દ **'ઈકરા'** (વાંચો) અને જ્ઞાનથી થયો. એ વહ્યમાં કલમને જ્ઞાનનું મહાન માધ્યમ ઠેરવવામાં આવી, જેનાથી જ્ઞાનની ઐતિહાસિક સફર જોડાયેલ છે, અને જેનાથી લ લેખન તથા સંપાદનની વૈશ્વિક ચળવળ ચાલુ થઈ, અને જ્ઞાન એક વ્યક્તિથી બીજી વ્યક્તિ, એક કોમથી બીજી કોમ, એક યુગથી બીજા યુગ, અને એક વંશ કે પીઢીથી બીજા વંશ કે પીઢી સુધી ચાલુ રહી, દુનિયામાં જાહેર ફેલાવાનો ગૌરવ એને જ પ્રાપ્ત છે, અને તેનું ઘૂમવું અને હલન-ચલનથી મદ્રસાઓ તથા જામેઆત (મોટા મદ્રસાઓ, યુનિવર્સિટીઓ) અને જ્ઞાન (શિક્ષણ) સંસ્થાઓ અને પુસ્તકાલયોની દુનિયા આબાદ છે.

જ્ઞાન શીખવુ અને શીખવાડવું એ લખવા-વાંચવાની શરૂઆત મુહમ્મદ ﷺના આગમનથી થઈ. આનાથી પહેલાં દીન તથા ધર્મોમાં જ્ઞાન શીખવા-શીખવાડવા પર પ્રતિબંધો મૂકેલા હતા, બલ્કે ચિંતન-મનન અને પવિત્ર ગ્રંથ સિવાય અન્ય ગ્રંથો પર પ્રતિબંધ હતો. ઈસ્લામે જ્ઞાન શીખવા-શીખવાડવાના દ્વાર ખોલ્યા, જેમકે પ્રથમ વહ્યથી જણાય છે, જેમાં જ્ઞાન પછી તેના માધ્યમ કલમનો ઉલ્લેખ છે. કુર્આને કરીમમાં અનેક જગ્યાએ ચિંતન, મનન, સભાનતા તથા વાકેફિયત, જ્ઞાન, બુદ્ધિ, ફિકહ, વિચાર, ગાઢ વિચારણા તેમજ **"તદબ્બુર ફી ખલકુલ્લાહ"** (અલ્લાહના સૃજન પર વિચારવા) માટેના શબ્દો આવ્યા છે. આથી ઈસ્લામે એક નવા યુગની શરૂઆત કરી. એ માનવતાને અંધકારમાંથી કાઢીને પ્રકાશ તરફ લાવ્યો, અને ધાર્મિક પેશવાઓ (આગેવાનો)ના જુલ્મ તથા અત્યાચારમાંથી કાઢીને જેમને જ્ઞાન શીખવા-શીખવાડવાથી લોકોને વંચિત કરી જ્ઞાન ધરાવનારાઓને ફાંસી પર ચઢાવી દેવાયા હતા, જ્ઞાન-પ્રાપ્તિની આઝાદી એનાયત કરી.

ઈસ્લામે પ્રથમ મદ્રસો હિજરતથી પહેલાં દારુલ અરકમમાં ખોલ્યો, અને પછી હિજરત બાદ મદીનામાં મસ્જિદે નબવીમાં સ્થાપિત કર્યો.



ગઝવએ બદ્રમાં કુરૈશના જે લોકોને પકડવામાં આવ્યા તેમના ફિદ્યાની રકમ 'તાલીમ' (જ્ઞાન શીખવાડવા)ના રૂપમાં નક્કી થઈ કે તેઓ મુસલમાનોને લખવું-વાંચવું શીખવાડે. નબવી ﷺ કાળ પછી ખલીફાઓ અને મુસ્લિમ સુલતાનો તથા અમીરો (આગેવાનો)એ આ વલણ બાકી રાખ્યું. અનેક જગ્યાઓએ મસ્જિદોની સાથે સાથે મદ્રસાઓ સ્થાપિત કર્યા, આથી નમાઝથી ફારેગ થયા બાદ મસ્જિદો મદ્રસાઓમાં તબ્દીલ થઈ જતી. ઈસ્લામની પ્રારંભિક તાલીમગાહોમાં જામેઅ કઝવૈન, જામેઅ અમ્ર રદિ. બિનલ આસ, જામેઅ ઝૈતૂના છે. ત્યાર બાદ કેરોમાં જામેઆ અઝહર અને ત્યારબાદ બગદાદમાં નિઝામિયા સ્થાપવામાં આવ્યા. તેમના સિવાય ઈસ્લામી શાસનના વિવિધ ભાગોમાં મુસ્લિમ હાકેમો અને ધનવાનોની સરપસ્તીમાં મદ્રસાઓ અને ઈલ્મી તથા શૈક્ષણિક સંસ્થાનો સ્થાપિત હતા, જ્યાં જ્ઞાન-પિપાસુઓ દૂર-સુદૂરથી સફર ખેડીને આવતા અને જ્ઞાન હાસલ કરતા હતા. ઈસ્લામી ઈતિહાસમાં સેંકડો ઉદાહરણો મળે છે કે મુસ્લિમ ઉલેમાએ જ્ઞાન-પ્રાપ્તિ માટે કેવી કેવી મુશ્કેલીઓ ને મુસીબતો સહન કરી. મુસ્લિમ હાકેમો અને સુલતાનોએ આલિમો અને જ્ઞાન-પિપાસુઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું. મુસલમાનોએ દરેક યુગમાં અને દરેક જગ્યાએ જ્ઞાન-પ્રાપ્તિ અને જ્ઞાન-પ્રસારણના ક્ષેત્રે એવા ભવ્ય કારનામાઓ અંજામ આપ્યા કે જેનું ઉદાહરણ કોઈ અન્ય કોમ તથા ધર્મમાં નથી મળતું. જ્ઞાન શીખવા અને શીખવાડવાના ક્ષેત્રે મુસ્લિમ ઉલેમાના ધૈર્ય તથા સહનશીલતા, સખત પરિશ્રમ, મહેનત, ત્યાગ તેમજ કુર્બાનીઓના ઉદાહરણો પ્રવાસ-યાત્રા અને જીવન-વૃત્તાંતો તેમજ જ્ઞાન તથા હુન્નર-કળાના ઈતિહાસમાં અનેકાનેક જગ્યાઓએ જોઈ શકાય છે, જેનાથી મુસલમાનોની ઈલ્મી કે શૈક્ષણિક રુચિ તથા શોખ અને જ્ઞાનની તલપનો અંદાજો થાય છે. આ બધું નબીએ ઉમ્મી (નિરક્ષર) મુહમ્મદ ﷺની તાલીમાત (શિક્ષણ)નું ફૈઝ તથા પરિણામ છે.

•••

---

# માનવતાના ઉદ્ધારક : મુહમ્મદ ﷺ

● મૌલાના બિલાલ અબ્દુલ હઈ હસની નદવી

જે લોકો વિશ્વ-ઈતિહાસથી વાકેફ છે તેઓ જાણે છે કે દુનિયાનો સૌથી મુબારક દિવસ એ હતો જે દિવસે ઈન્સાનિયતના રસૂલ ﷺ આ જગતમાં તશરીફ લાવ્યા. લગભગ ૧૫૦૦ વર્ષ પહેલાંની દુનિયા માનવોની દુનિયા નથી દેખાતી. તેમને ક્યાંક દરિંદાઓની દુનિયા દેખાય છે, તો ક્યાંક માનવ-રૂપી જાનવરોની દુનિયા દેખાય છે. એ જમાનાની બે સુસભ્ય કહેવાતી સત્તાઓ રોમન એમ્પાયર (Roman Empire) અને પર્શિયન એમ્પાયર (Persian Empire) જેમનો દબદબો હતો, તેમની સભ્યતા શું હતી? એક સડેલી લાશ જેની દુર્ગંધથી એ સમયની સમગ્ર દુનિયા પરેશાન હતી. એ બન્ને 'સુસભ્ય' સત્તાઓનો ઈતિહાસ જોઈને શરીરના રૂંવાડા ઊભા થઈ જાય છે અને આશ્ચર્ય થાય છે કે જ્યારે માનવી અધોગતિ પામે છે તો પ્રાણીઓને પણ પાછળ મૂકી છે. તેની બુદ્ધિ આનંદ પ્રાપ્તિ માટે એવી એવી જુલમી રીતો અપનાવે છે કે જેની તરફ કોઈ એવા માણસનું મગજ વિચારી પણ નથી શકતો જેના સીનામાં ધબકતું હૃદય હોય. એ ગાઢ કાળી અને અંધકારમય દુનિયામાં માનવી ભટકી રહ્યો હતો, તેને જીવનનો છેડો મળી રહ્યો ન હતો, અને ન તો ક્યાંય પણ આશાનું કિરણ દેખાઈ રહ્યું હતું અને એવું લાગી રહ્યું હતું કે કદાચ દુનિયા પોતાના વિનાશના આરે પહોંચી ચૂકી છે અને તેના સર્જનહારે તેને નષ્ટ કરી દેવાનો ઈરાદો કરી લીધો છે. પરંતુ અલ્લાહને કંઈક બીજું જ મંજૂર હતું. જગત પોતાની નવી સફર શરૂ કરનાર હતું, તેને પ્રગતિના સર્વોચ્ચ માપદંડ સુધી પહોંચાડવું હતું અને એ માનવતા જે લજ્જિત અવસ્થામાં ઊભી હતી તેનું માથું ગર્વથી ઊંચું થવાનું હતું. જ્ઞાન-વિદ્યા અને કળા-કારીગરીની ગૂંચો ઉકેલવાની હતી અને ચારે તરફ ઈસ્લામના દીવડાઓ પ્રગટવાના હતા. લાચાર અને કમજોરોને તેમના હક્ક મળવાના હતા, અને સ્ત્રી જે ભર-બજારે રુસ્વા થઈ રહી હતી, તેને પોતાનો દરજ્જો મળવાનો હતો. જગતને જહન્નમરૂપમાંથી જન્નતરૂપમાં તબ્દીલ થવાનું હતું કે મક્કાની ઘાટીઓમાંથી નુબુવ્વતનો સૂર્ય ઉદય થયો. રહેમતે-આલમ ﷺ શું તશરીફ લાવ્યા જાણે કે વસંતઋતુ આવી ગઈ. જે ઓષ્ઠ હસવા માટે તરસી ગયા હતા તેમના પર મુસ્કાન આવી, જે હૃદય એ સંજોગોને જોઈ-જોઈને વ્યથિત થઈને રહી જતા હતા તેઓ ખૂબ જ ખુશ થઈ ગયા. આ સુંગંધ એવી પ્રસરી કે એક સદી પણ થવા ન પામી કે દુનિયાનો દરેક ભાગ સુગંધિત થઈ ગયો. પાનખર-ઋતુ બાદ વસંત ઋતુનો કાળ આવ્યો. વિષાકત (કે 'ગરમ-લૂ'ની હવા) બાદ સુગંધિત ને શીતળ પવનની એવી લહેરખીઓ ચાલી જેમણે રૂહને તાઝગી અર્પી. મૃત હૃદયોની મસીહાઈ (ઉદ્ધાર) કરી અને માનવોમાં માનવતાની વસંત-ઋતુ આવી ગઈ.

ઈલ્મ (જ્ઞાન)ની આ સુગંધ જે મક્કાની મુબારક ધરતીથી ફેલાઈ તો તેણે શું એશિયા અને શું યુરોપ તથા અમેરિક દેશે-દેશને સુગંધિત કરી અને લોકોએ રાહતનો શ્વાસ લીધો. પરંતુ આ જ માનવોમાં એ દરિંદા જેવા લોકો પણ હતા જેમની ટેવ લોહી ચૂસવાની હતી, જેમનું કામ જ પોતાની રાહત, લિજ્જત અને ઈજ્જત માટે અન્યોની ઈજ્જતો લૂંટવી અને તેમને પજાવવાની હતી. તેમને આ ન્યાય તથા ઈન્સાફ સ્હેજ પણ ન ગમ્યા, અને પ્રથમ દિવસથી ચાલ્યો અને વિવિધ તબક્કાઓમાંથી પસાર થતાં આજે વિશ્વની તથા-કથિત સભ્ય દેશોના રૂપમાં મૌજૂદ છે, જેમની પાસે એ જ રોમન અને પર્શિયન સભ્યતાની દુહાઈ છે.

ઈસ્લામે એ સભ્યતાને જે રીતે કંડારીને શણગારી હતી અને તેની ગંદકીઓ સાફ કરી હતી અને તેને નિખારી હતી અને તેમાં જાત-જાતના ફૂલો સજાવીને એવો સુંદર પુષ્પ-ગુચ્છ જગતને આપ્યો હતો જેની કલ્પના આ અગાઉ દુનિયા કરી પણ શકતી ન હતી. આ તથા-કથિત સુસભ્ય કોમો જાણતી પણ ન હતી કે ન્યાય તથા ઈન્સાફની આ સુગંધને બાકી રાખવામાં આવે. તેમનો ઈરાદો ફક્ત આ છે કે તેમની શક્તિ બાકી રહે, તેમનો સિક્કો ચાલતો રહે. આના માટે ગમે તેટલી કોમો અને ગમે તેટલા દેશો પણ નષ્ટ થતા જાય તો, તેની પણ તેમને કોઈ પરવા નથી.


આજે જે કંઈ રસૂલે રહેમત ﷺની પવિત્ર હસ્તી અને આપ ﷺના પવિત્ર જીવનની વિરુદ્ધ કહેવા કે લખવામાં આવી રહી છે, આ એ જ કીના-કપટનું પરિણામ છે જે એ દરિંદા જેવા ગુણો ધરાવનારા માનવોમાં પ્રથમ દિવસથી મૌજૂદ હતા અને આજે તેના વિકસિત સ્વરૂપો છે જે આપણી સામે આવતી રહે છે પરંતુ આ પણ એક વાસ્તવિકતા છે કે માનવોની બહુમતી પોતાનામાં ધબકતું હૃદય અને માનવતાની પીડા ધરાવે છે. તેની સામે જ્યારે સંપૂર્ણ-માનવ ﷺનો માનવતાનો નમૂનો પૂરી સત્યતા સાથે આવે છે તો તેમના દિલોની દુનિયાની કેફિયત બદલવા લાગે છે અને એક તૃષા મહેસૂસ થવા લાગે છે અને 'ઉસ્વએ-રસૂલે અકરમ ﷺ'ના 'ઝુલાલ' (સ્વચ્છ અને શીતળ જળ)થી બુઝાય છે. આજે આપણે મુસલમાનોની સૌથી મોટી જવાબદારી છે કે આપણે એક તરફ "સીરતે-તૈય્યબા"ના પૈગામને તમામ લોકો સુધી પહોંચાડવા માટેનો પ્રયાસ કરીએ અને દરેક વ્યક્તિ સુધી પહોંચાડીએ અને પોતે એ 'ઉસ્વા' (નમૂના) સામે રાખીને પોતાની ઝિંદગીઓને તેના મુજબ બનાવવાના પ્રયાસ કરીએ, જેથી 'ઈલ્મ' (જ્ઞાન) તથા 'અમલ' (કર્મ)ની દા'વત સમગ્ર દુનિયા સુધી પહોંચે. વાસ્તવિકતા અને સત્યને જાણનારાઓને તેમનો ખોરાક મળી શકે અને અંધકારમાં ડૂબેલ વિશ્વમાં દરેક જગ્યાએ 'ઈલ્મ' તથા 'અમલ', ન્યાય તથા ઈન્સાફ અને શાંતિ તથા સલામતીના દીવડાઓ પ્રકાશિત ન થઈ જાય. •••

# આવો મુહમ્મદ ﷺનું જીવન-સંદેશ પહોંચાડીએ

**શકીલ અહમદ રાજપૂત**

પ્રવર્તમાન યુગમાં જ્યારે માનવ સમાજ ભૌતિક ઉન્નતિમાં અદભૂત પ્રગતિ કરી રહ્યો છે, ત્યારે તેના વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં સંકટ અને અધોગતિ જોવા મળે છે. વૈજ્ઞાનિક સુધારાઓ અને ટેક્નોલોજીની દષ્ટિએ વિસ્મયજનક પ્રગતિ છતાં માણસ ચિંતા, તણાવ, હિંસા, અસહિષ્ણુતા, શોષણ અને ભ્રષ્ટાચારથી ગ્રસ્ત છે. યુવા ધન સુખની પ્રાપ્તિ માટે નિર્લજ્જતા અને નગ્નતા, દારૂ અને જુગાર, વ્યભિચાર અને બળાત્કારના રવાડે ચઢી ગયો છે, ભ્રૂણ હત્યા અને વૃદ્ધાશ્રમમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. સમૃદ્ધિ માટે છળ, કપટ, કુટિલતા, અવૈધ અને ખોટા માર્ગો અપનાવવામાં આવી રહ્યા છે. શાંતિની પ્રસ્થાપનના નામે સત્તાનો દુરુપયોગ, જુલમ અને અત્યાચાર વધતો જઇ રહ્યો છે. એકંદરે વ્યક્તિગત અને સામૂહિક જીવન અસંતુલિત બની ગયું છે. આત્મગૌરવ, ન્યાય, દયા, ક્ષમા અને સેવા જેવા મૂલ્યો માત્ર પુસ્તકની પાંખીઓમાં જ સીમિત રહી ગયા છે.

આવા સંજોગોમાં હઝરત મુહમ્મદ ﷺનું જીવન અને સંદેશો આજે પણ માનવજાત માટે આશાની કિરણ છે. તેઓ માત્ર કોઈ ધાર્મિક નેતા નહોતા, પરંતુ આખી માનવજાત માટે રોશનીનો મીનાર હતા. ઈમાનદારી, પ્રેમ, ન્યાય, કરુણા, ક્ષમા, માનવતાવાદ, અને સાદગીયુક્ત જીવનશૈલીના તેઓ જીવંત નમૂનો હતા. આપે જે ક્રાંતિ પેદા કરી તે નૈતિક, આધ્યાત્મિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય વગેરે તમામ ક્ષેત્રોને આવરી લે છે. પરંતુ આજે ઘણા મુસલમાનો પણ દીનથી દૂરી, લાપરવાહી, સ્વાર્થીપણાના કારણે પોતાના સંપૂર્ણ જીવનમાં હઝરત મુહમ્મદ ﷺનો અનુકરણ કરી રહ્યો નથી. તેથી તેમનો જીવન સંદેશથી લોકો અજાણ છે. આપણી જવાબદારી છે કે આપણે આ બાબતે સજાગ થઈ વિવિધ પ્રકારના પ્રોગ્રામ



કરીએ કે જેથી સુખ, શાંતિ, ન્યાય અને સમૃદ્ધિની પરિકલ્પના સાકાર થઈ શકે. દુનિયા અને આખીરતની સફળતા હઝરત મુહમ્મદ ﷺના અનુકરણમાં રહેલી છે.

તેના માટે આપણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમકે સીરત કોન્ફરન્સ, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં લેક્ચર સિરીઝ અને વર્કશોપ, જાહેર સભાઓ, અન્ય ધર્મના લોકો સાથે સંવાદ, કરી શકાય જેમાં દરેક ધર્મ સંપ્રદાયના લોકોને આમંત્રણ આપવામાં આવે. બુક સ્ટોલ, સંશોધનાત્મક લેખો અને વિશેષાંકો બાહર પડી શકાય.

બાળકોમાં રસ પેદા કરવા માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ કરી શકાય જેમકે વક્તવ્ય, નિબંધ, કેલીઓગ્રાફી, પેંટિંગ, સ્ટોરી ટેલિંગ, નઅત, વગેરે. સામાજિક જાગૃતિ માટે હેંડબીલ, ફોલ્ડર, નાની પુસ્તિકાઓ,

આપના સંદેશને મોટા પાયે લોકો સુધી પહોંચાડવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ જેમકે YouTube, Facebook, Instagram, X વગેરેનો ભરપૂર ઉપયોગ કરવો. સીરત આધારિત ડોક્યુમેન્ટરીઝ, ટૂંકી ફિલ્મો, પોડકાસ્ટ, વેબિનાર, એનિમેશન વિડીયો, પોસ્ટર્સને શેયર કરવું. કોઈ app પણ બનાવી શકાય.

પયગંબરના જીવનથી સંકળાયેલા મહત્વના ઘટનાક્રમો, નકશા, હસ્તલિખિત કુર્આન, મોડલ્સ વગેરે જેવી વસ્તુઓનું પ્રદર્શન.

જુમ્આના ખુતબાઓમાં આપના સમગ્ર જીવનને સાંપ્રત સમસ્યાઓના નિવારક તરીકે રજૂ કરવું.

ઇસ્લામી શિક્ષણ મુજબ જાગૃતિ અને સકારાત્મક પરિવર્તન માટે વિવિધ પ્રકારના અભિયાનોનું આયોજન કરવું. જેમકે સફાઇ, નશામુક્તિ, શિક્ષણ, નમાઝ નૈતિકતા,એકતા અભિયાન,સેવા અભિયાન, પર્યાવરણ અભિયાન, આરોગ્ય અભિયાન,સંબંધ સુધારણા અભિયાન વગેરે

જનસેવાના કાર્યો, અને હોસ્પિટલ,વ્યસન મુક્તિ કેન્દ્ર, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, પ્રવાસ ગૃહ, આદર્શ મદરેસા અથવા શાળા, કબ્રસ્તાન, ગરીબ વસાહત,વડીલો સાથે મુલાકાત,ઇસ્લામિક સભ્યતા પર આધારિત સ્થળોની મુલાકાત, વગેરે.

આ અમુક અભિપ્રાયો છે જેના થકી આપણે લોકો સુધી પહોંચી આપ ﷺના આદર્શોને પ્રસ્થાપિત કરી શકીએ. પરંતુ યાદ રહે કે આપણા પોતાનો વાણી વ્યવહાર પણ તેવો જ હોવો જોઈએ.

•••

## પશ્ચિમ અને ઈસ્લામનો સંઘર્ષ

*(દસમા પાનાનું ચાલુ)*

- અમો... જે ઇસ્લામના આહવાહક છીએં અને બીજા સામાન્ય મુસ્લિમો પણ પોતાના સ્વભાવ, વ્યક્તિત્વ અને વાણીને જેટલી હઝરત મુહમ્મદ ﷺના અનુરૂપ બનાવી શકીએં બનાવીએં. હઝરત મુહમ્મદ ﷺને નિરખવા માત્ર પુસ્તકો, વ્યાખ્યાનો અને વિડીયો જ ન હોય પણ આપણાં જીવનમાં પણ લોકોને આપ ﷺની છબી અને ઝલક દેખાવવી જોઈએ. આપણાં ઘર ,આપણી જાહેર પ્રવૃતિઓ,આપણી મસ્જિદો હુઝૂર ﷺના જીવન અને સંદેશનો પ્રકાશ ફેલાવે. મસ્જિદો હઝરત મુહમ્મદ ﷺને માનનાર અને ન માનનાર બંને નું સ્વાગત કરે .
- એ વાત પણ આવશ્યક છે કે આપણે હુઝૂર ﷺના શિક્ષણ, તેમના ઉમદા ચરિત્ર, અને બેનમૂન જીવન શૈલીની પ્રસ્તુતિ એવા ઢબથી કરીએં કે શત્રુઓ પણ આપના વિરુદ્ધ જે કહ્યું હોય તેના ઉપર પોતે ક્ષોભ અનુભવે. કોઈ વાદ વિવાદ વિના લોકોતેમની મહાનતા સ્વીકારી લે.
- હઝરત મુહમ્મદ ﷺના દીન અને સંદેશને જીવી બતાવવું જ ખરેખર આપણી એકમાત્ર અને વાસ્તવિક જવાબદારી છે.
- આબુ મુસ્લિમ હઝરત મુહમ્મદ ﷺનું એક કથન વર્ણવે છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે "એ અલ્લાહના સોગંદ જેના હાથોમાં મારા પ્રાણ છે, આ ઉમ્મતમાંથી જે મારા વિષે સાંભળે પછી તે યહૂદી હોય કે ખ્રિસ્તી, અને તે મારા પર ઈમાન લાવતા પહેલા મૃત્યુ પામે તો નર્કમાં જવાનો છે." ઈમામ મોહિયુદ્દીન કહે છે કે 'આ ઉમ્મત' એટ્લે હુઝૂર ﷺના યુગ થી લઈ પ્રલયના દિવસ સુધીના માનવીઓ. ઈમામ ગઝાલી કહે છે કે સાંભળવાનો શું અર્થ? શું માત્ર કાનો વડે સાંભળી લેવું પૂરતું છે? ના....તે કહે છે હુઝૂર ﷺના જીવન અને સંદેશ વિષે એવી રીતે સાંભળવું કે તે હૃદય અને મસ્તિષ્કમાં ખૂંપી જાય આવું ન સંભળાવી શકાય તો જેના ઉપર સંભળાવવાની જવાબદારી છે તે સજાપાત્ર ઠેરવવામાં આવશે. આજે તો ન મનાવવાળાઓની બહુમતિ એ માત્ર હઝરત મુહમ્મદ ﷺનું નામ જ સાંભળ્યું છે અને એ પણ આમ જ અથવા નકારાત્મક રીતે. પછી આ અબજો માનવીઓ જે તેમના રસૂલ પર ઈમાન થી વંચિત છે તેની જવાબદારી કોના શિરે છે? શું આપણાં શિરે નહીં ?
- જેવી રીતે હઝરત મુહમ્મદ ﷺએ એક એક દેશમાં પોતાના એલચી મોકલ્યા હતા. આજે એક અબજથી વધુ મુસ્લિમો આ વિશ્વના ખૂણે ખૂણે હુઝૂર ﷺના એલચીઓ છે. તેમના હાથોમાં હઝરત મોહમ્મદ ? નો પત્ર છે. જેને પણ આ પરિસ્થિતી અને જવાબદારીનું ભાન થાય તેણે ઊભું થઈ જવું પડશે. સલૂકાઈથી,વિવેક સાથે , ઉમદા શિખામણ વડેઈન્સાનોને હઝરત મુહમ્મદ ﷺની નજીક લાવવા પડશે. જે તે 'સિરાજે મુનીર'( ઝળહળતો દીપ )નો જેટલો નજીક આવશે તેના પ્રકાશ અને ઉષ્માંમાંથી પોતાનો હિસ્સો મેળવશે. જેટલા લોકો હુઝૂર ﷺની રિસાલત ઉપર ઈમાન લાવશે અને તેની સાથે જોડાઈ જશે એટલી જ આ સાંસ્કૃતિક જંગમાં ઇસ્લામના વિજયની સંભાવના વધી જશે.
- આ એક ઋણ છે, આપણાં બધા ઉપરજેને ચૂકવવા આપણામાં થી દરેકને કોઈ પણ રીતે પોતાનો ભાગ ભજવવા આગળ આવવું જ પડશે.

(અનુવાદ : મુહમ્મદ સલીમ પટીવાલા)

•••

## અલ બરકહ ક્રેડિટ...

*(છેલ્લા પાનાનું ચાલુ)*

સીએ કરીમ લખાણીએ નાણાકીય અભિગમ વિષય પર બોલતાં કહ્યું કે, ઉમ્મતને બિનજરૂરી ખર્ચથી દૂર રહી ઇન્વેસ્ટમેન્ટ અભિગમ અપનાવવાની અપીલ કરી. થરાદી મેમન કાઉન્સિલ અમદાવાદના પ્રમુખે શુભેચ્છા પાઠવી અને સૌને મળીને સમાજના સર્વાંગી વિકાસ માટે કામ કરવા પ્રેરણા આપી. સીએ સોહેલ મેંદાજીવાળાએ નાણાકીય પારદર્શિતા અને નૈતિક અભિગમની પ્રશંસા કરી.

મૌલાના ગુલામ સૈયદ અશરફીએ વ્યાજની લાનત અંગે વિસ્તૃત પ્રવચન આપતાં જણાવ્યું કે વ્યાજ ગરીબી અને અસમાનતાને વધારતું હોય છે અને કુર્આન-હદીસમાં તેને હરામ ઠરાવવામાં આવ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે અલ બરકાહ જેવી પહેલ વ્યાજમુક્ત સમાજની દિશામાં મજબૂત પગલું છે. સાથે જ સભ્યોને અપીલ કરી કે હલાલ રોજી કમાવવી અને હંમેશા સત્ય બોલવું મુસલમાનની સાચી ઓળખ છે.

સહુલત માઈક્રોફાઈનાન્સ નવી દિલ્હીના સીઈઓ ઉસામા ખાને સહુલત માઇક્રોફાઇનાન્સની ઝલક આપી અને કેટલીક સફળતાઓના ઉદાહરણો રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે સહુલતનો હેતુ એવા લોકોનું આર્થિક સશક્તિકરણ છે, જે પરંપરાગત સિસ્ટમમાં ફસાઈ જાય છે અથવા પોતાની બચત માટે સુરક્ષિત વ્યવસ્થા નથી રાખી શકતા. તેમણે વધુમાં કહ્યું કે અલ-બરકાહની હાલની સ્થિતિ પ્રગતિશીલ છે અને સભ્યોની ફરજ છે કે જવાબદારીપૂર્વક સંસ્થાને મજબૂત બનાવે.

જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાતના પ્રમુખ ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા એ અલ-બરકાહના પ્રયત્નોની પ્રશંસા કરી અને કહ્યું કે ઈસ્લામી આર્થિક સિદ્ધાંતોના અમલથી ઉમ્મતને સશક્ત બનાવવા મદદ મળી રહી છે. તેમણે સભ્યોને સખાવત, ઉત્સાહ અને સામાજિક જવાબદારી વધારવા અપીલ કરી.

અંતે અધ્યક્ષ સ્થાનેથી સહુલત માઈક્રોફાઈનાન્સ સોસાયટી, નવી દિલ્હીના પ્રમુખ ટી. આરિફ અલીએ જણાવ્યું કે "અલ બરકાહની AGMમાં હાજરી આપવી મારા માટે આનંદની વાત છે. રિપોર્ટ જોઈને મને અત્યંત ખુશી થઈ છે. હું તેમના કાર્યોની દિલથી પ્રશંસા કરું છું. અલ્લાહના હુકમથી આ સંસ્થા વધુ મજબૂત અને પ્રગતિશીલ બને તેવી મને આશા છે. જો સભ્યો પણ પોતાનો રસ અને સહકાર દેખાડશે તો સંસ્થા વધુ મજબૂત બનશે." તેમણે મનમોહન સિંહના સમયમાં આવેલી સચ્ચર કમિટીની રિપોર્ટનો હવાલો આપતાં ઉમેર્યું કે "સ્વતંત્રતા પછી બધી કોમમાં વિકાસ થયો છે, પરંતુ મુસ્લિમ સમાજ ઘણો પાછળ રહી ગયો છે. કો-ઑપરેટિવ સોસાયટીઓનો હેતુ મુસ્લિમ ઉમ્મતને આર્થિક રીતે સશક્ત બનાવવાનો છે."

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમર મનિયારે કર્યું હતું. AGM માટે જાવેદ અખ્તર, ખાલિદ રાજપૂત, શેહજાદ શેખ અને તન્વીર આલમે ભારે જેહમત ઉઠાવી. અંતે અમરીન અન્સારીએ આભારવિધી કરી કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

# મુહમ્મદ ﷺ શાંતિદૂત


પયગંબર કે ઈશદૂતનું કાર્ય એ હોય છે કે તેઓ તેમની આસપાસ વસનારા લોકોને તેમના સર્જનહારથી પરિચિત કરાવે છે. તેમને જીવન કઈ રીતે જીવવું તે શીખવે છે. પયગંબર લોકો માટે આદર્શ અને અનુસરણને પાત્ર હોય છે. મુહમ્મદ ﷺ પહેલાં ઘણાં નબીઓ અને રસૂલો દુનિયામાં દરેક ઠેકાણે મોકલવામાં આવ્યા. છેલ્લા અને અંતિમ પયગંબર તરીકે મુહમ્મદ ﷺને મક્કામાં મોકલવામાં આવ્યા. કેમકે આપ સ.અ.વ. પછી કોઈ પયગંબર આવવાનો નથી. તેથી આપનું શિક્ષણ, આપનું આચરણ અને આપનું વ્યક્તિત્વ કયામત સુધીના લોકો માટે માર્ગદર્શક છે. દુનિયા અને આખિરતની ભલાઈ માટે આપનું અનુસરણ દરેક વ્યક્તિ માટે અનિવાર્ય છે. જે વ્યક્તિ આપને અનુસરશે તે જરૂર સફળ થશે.

આપનું અવતરણ જે પરિસ્થિતિમાં થયું અને તે પરિસ્થિતને ધરમૂળથી બદલી આપે જે વ્યક્તિ-સુધારણા, સમાજ-સુધારણા અને રાજકીય-સુધારણા કરીને જે દૃષ્ટાંત પૂરૂં પાડયું તે સર્વગ્રાહી અને સર્વવિદિત છે.

મક્કામાં જ્યારે આપનો જન્મ થયો ત્યારે લોકો મૂર્તિપૂજા, શરાબ, વ્યભિચાર અને લડાઈમાં રાચતા હતા. કદાચ એ સમયે દુનિયામાં સૌથી અજ્ઞાની લોકો તે જ હતા. જ્યારે અલ્લાહે આપને નબી બનાવ્યા ત્યારે આપે લોકોને એક અલ્લાહની દા'વત આપી. આપના આચરણ અને શિક્ષણથી લોકો એટલા પ્રભાવિત થયા કે મૂર્તિપૂજાથી તોબા કરી લીધી. મૂર્તિઓને પોતાના હાથે તોડી પાડી, શરાબ જે પાણીની જેમ પીતા હતા તે વહેડાવી દીધું. વ્યભિચાર સદંતર બંધ કર્યું અને લડાઈ ઝઘડાઓને બદલે પરસ્પર પ્રેમ અને ભાઈચારાને અપનાવ્યા. આપના સહાબીઓ એવા પ્રશિક્ષિત થયાં કે જૂઠ, દગો, લાલચ, લોભ વગેરે વ્યક્તિગત્ બૂરાઈઓ તો દૂરની વાત છે એ લોકો વિષે કોઈ એવા વિચાર સુદ્ધાં ન કરી શકે. હઝરત જા'ફર રદિ.એ નજ્જાશીના દરબારમાં અલ્લાહના રસૂલ ﷺના આગળ જે બદલાવ લોકોના જીવનમાં આવ્યા તેનું વિસ્તૃત વર્ણન કરે છે.

જે સામાજિક સુધારણા આપ ﷺએ આણી તે અસાધારણ છે. જ્યારે હિજરત કરી આપ સ.અ.વ. મદીના પહોંચ્યા તો આપે તમામ મુહાજિરોને અન્સારના ભાઈ બનાવી દીધા. નજીકના કુટુંબ (બ્લડ રિલેશન) સાથે સંબંધો કાપવાને હરામ ઠેરવી દીધું. પાડોશી સાથે સદ્વ્યવહારની તાકીદ કરવામાં આવી. જાતિ, રંગ, વર્ણ અને પ્રદેશના વાડાઓથી ઉપર ઊઠી તકવાને અલ્લાહની નજીક પહોંચવાનો સિદ્ધાંત બનાવવામાં આવ્યો. સ્ત્રીઓને પિતાના વારસામાં હક આપવામાં આવ્યો અને લગ્ન માટે તેમની પરવાનગી લેવાને ફરજિયાત કરવામાં આવી. આમ સમાજ એક મજબૂત દીવાલની જેમ ઊભર્યું જ્યાં એક કુટુંબ બીજા કુટુંબને એ રીતે સહારો આપે છે જેમ એક ઈંટ બીજી ઈંટને.

આપ ﷺએ રાજકીય સુધારણા માટે એવા નિયમો ઘડ્યા જ્યાં લાંચ, રુશ્વત, ભ્રષ્ટાચાર, ખુશામત અને રાજાશાહીને કોઈ સ્થાન ન હતું.



તેનો ખાદિમ હોય છે." રાજકીય હોદ્દા ઉપર બિરાજવું એ શાન અને અભિમાન બતાડવાને પાત્ર નથી એ તો જવાબદારી અને ઉત્તરદાયિત્વ છે. હોદ્દાની રુએ જે કામ કરવાના છે તે જવાબદારી છે અને તેનો હિસાબ આપવો પડશે આ અહેસાસ આપ ﷺએ લોકોમાં જાગૃત કર્યો અને આ જ કારણ છે કે ઈસ્લામનો ઝંડો ૩૦ વર્ષના ટૂંકા ગાળામાં દુનિયાના મોટાભાગ પર છવાઈ ગયો."

આપનું જીવનચરિત્ર વાંચ્યા પછી કોઈ પણ વ્યક્તિ આપને અનુસરવા માટે પ્રેરિત ન થાય એ શક્ય નથી. આ કારણ છે કે માઇકલ હાર્ટ નામનો સંશોધક જ્યારે દુનિયાની ૧૦૦ મહાન વ્યક્તિઓના નામનું લિસ્ટ બનાવવા બેસે છે તો પોતે ખ્રિસ્તી હોવા છતાં મુહમ્મદ ﷺને પ્રથમ સ્થાન આપે છે. તેમનું કહેવું છે કે આપના વ્યક્તિત્વ અને શિક્ષણનો પ્રભાવ આજે પણ જોવા મળે છે.

આજે દુનિયામાં મુસ્લિમો ખ્રિસ્તી પછી સૌથી વધુ વસ્તી ધરાવતા હોવા છતાં, સૌથી વધુ કુદરતી સાધન સંપત્તિ ધરાવતા હોવા છતાં કમજોર છે, ચોતરફથી ખતરાઓ અને મુશ્કેલીઓથી શા માટે ઘેરાયેલા છે? શા માટે કોઈ આપ ﷺના પવિત્ર વ્યક્તિત્વ વિરુદ્ધ પુસ્તક લખે છે? શા માટે કોઈ આપ ﷺનું કાર્ટૂન અને ચિત્ર દોરી આપની હાંસી ઉડાવે છે? શા માટે કોઈ વિકૃત માનસિકતા ધરાવતો માણસ આપ ﷺની વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરે છે? આ પ્રશ્નોના બે જવાબ હોઈ શકે.

એક તો આ કે મુહમ્મદ ﷺનું સમગ્ર જીવન અને આપનું સમગ્ર શિક્ષણ દયા, કરૂણા, ન્યાય, સમાનતા, બંધુતા વગેરે શીખવે છે, જે વ્યક્તિને ઈસ્લામ તરફ આકર્ષિત કરે છે, જે દુનિયાના બીજા ધર્મના ઝનૂની લોકોને ખૂંચે છે. આ એવા લોકો છે જેઓ દુનિયાની ધન-સંપત્તિ પર કબ્જો જમાવવાના ઈરાદા સાથે લોકોને મૂર્ખ બનાવે છે. આ એવા લોકો છે જેઓ લોકોને પોતાની જીભથી, કલમથી અને કળાથી મુહમ્મદ ﷺની છબીને વિકૃત કરીને પ્રસ્તુત કરે છે કે જેથી લોકો આપ ﷺના વ્યક્તિત્વથી પરિચિત ન થઈ શકે.

બીજો જવાબ છે કે મુસ્લિમોની દા'વતી કામથી દૂરી અને તેમનું પોતાનું આચરણ. આજે મુસ્લિમો ગુંડા, અશિક્ષિત અને અસમાજિક હોવાની છબી ધરાવે છે. શિક્ષણમાં આપણે ખૂબ પાછળ છીએ. આ એ કોમની હાલત છે જેને આપ ﷺ દ્વારા જ્ઞાન હાસલ કરવાનું ફરજિયાત કહેવામાં આવ્યું છે! આપણા વિસ્તારો ગંદકીના પ્રતીક છે. આ એવી કોમની હાલત છે જેને આપ ﷺ દ્વારા કહેવામાં આવ્યું છે કે પાકી અને સફાઈ અડધો ઈમાન છે!

અલ્લાહના રસૂલ ﷺના આચરણની ઝલક આપણી કોમના બહુમતી લોકોના આચરણથી પ્રતીત થતી નથી. જે લોકો દીનદાર છે તેઓ લઘુમતીમાં છે. તેઓ બિન મુસ્લિમોમાં ઈસ્લામનું દા'વતનું કામ કરે છે પરંતુ તેમની સંખ્યા ખૂબ નજીવી છે. જયાં સુધી બિનમુસ્લિમોને ઈસ્લામ અને મુહમ્મદ ﷺનું જીવન સમજાવવામાં નહીં આવે ત્યાં સુધી રુશ્દીઓ, તસ્લીમાઓ, ચાર્લીઓ અને તીવારીઓ પેદા થતા રહેશે. આપણી જવાબદારી એ હતી અને છે જે અલ્લાહના રસૂલ ﷺએ સોંપી છે. આપે પોતાના આખરી ખુત્બામાં ફરમાવ્યું, "મેં તમને અલ્લાહનો સંદેશો પહોંચાડી દીધો?" લગભગ સવા લાખની જનમેદનીએ એક સ્વરે કહ્યું હતું કે, "હા, આપે પહોંચાડી દીધો." તો આપે ફરમાવ્યું, "તો આ સંદેશ એ લોકોને પહોંચાડી દો જે અહિંયા મોજૂદ નથી." શું આપણે એ સંદેશાને બિનમુસ્લિમોને પહોંચાડી દીધો? ના, નથી પહોંચાડયો. એટલે જ મુહમ્મદ સ.અ.વ. ઉપર સ્વર ઊઠે છે. આજે આપણે દુનિયાથી પ્રેમ કરવા અને મોતથી ડરવા લાગ્યા છીએ. એટલે જ આ કામ છોડી દીધું.

આજે તમામ મુસ્લિમોએ દુનિયાનો પ્રેમ અને મોતનો ડર છોડીને સંકલ્પ લેવાની જરૂર છે કે અમે મુહમ્મદ ﷺના શિક્ષણ અને આચરણને પોતાના જીવનમાં ઉતારીશું અને અમારા બિનમુસ્લિમ મિત્રો, ગ્રાહકો, સહઅધ્યાયીઓ, સહકર્મીઓ, શિક્ષકો વગેરેને આપ ﷺના પવિત્ર જીવનથી પરિચિત કરાવીશું. આ જ એ રસ્તો છે જેના થકી આપણે દુનિયા અને આખિરતની ભલાઈને પામી શકીશું.

## 'દા'વતે ઈલલ્લાહ'

*(ચોથા પાનાનું ચાલુ)*

**રિસાલતની તબ્લીગ (પ્રચાર) :**

કુર્આનમજીદમાં દા'વત માટે 'તબ્લીગ' 'બલાગ'ના શબ્દો પણ પ્રયોજાયા છે. જેમકે અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

"હે પયગંબર ! જે કંઈ તમારા રબ તરફથી તમારા ઉપર 'નાઝિલ' (અવતરિત) કરવામાં આવ્યું છે તે લોકો સુધી પહોંચાડી દો." (સૂરઃ માઈદહ, આયત-૬૭)

એક જગ્યાએ ફરમાવ્યું :

"આ એક સંદેશ છે સમગ્ર માનવ-જાત માટે, અને એટલા માટે આ મોકલવામાં આવેલ છે કે તેમને આના દ્વારા ચેતવી દેવામાં આવે." (સૂરઃ ઈબ્રાહીમ, આયત-૫૨)

અલ્લાહતઆલાના રસૂલ જ્યારે તેની (અલ્લાહની) ઈબાદત તથા આજ્ઞાપાલનની દા'વત આપે છે તો આ પણ સ્પષ્ટ કરી દે છે કે આ અકીદા હેઠળ કેવું જીવન વિતાવવું જોઈએ ? આનો સંબંધ પરિસ્થિતિ કે સંજોગોની દૃષ્ટિએ નૈતિકતા, સંસ્કૃતિ, સામાજિકતા તથા રાજકારણ એમ જીવનના દરેક ક્ષેત્રથી હોય છે. આ જ **"દા'વતે ઈલલ્લાહ"** છે. **"દા'વતે ઈલલ્લાહ"**ને આ જ અર્થમાં **"દા'વતે ઈલસ્સબીલુર્રબ"** પણ કહેવામાં આવ્યું છે, એટલે કે આ જીવન માટે અલ્લાહતઆલાએ બતાવેલા માર્ગ તરફ 'દા'વત' (નિમંત્રણ) છે. ઈર્શાદ છે :

"હે નબી ! પોતાના રબ (માલિક અને પાલનહાર)ના માર્ગ તરફ બોલાવો હિકમત (વિવેક-બુદ્ધિ અને તત્ત્વદર્શિતા) અને ઉત્તમ શિખામણ સાથે." (સૂરઃ અન્ નહ્લ, આયત-૧૨૫)

એક અન્ય જગ્યાએ રસૂલુલ્લાહ ﷺના મુબારક મુખેથી આ **'દા'વત'**નો પ્રકાર (કે રીત) સ્પષ્ટ કરવામાં આવેલ છે :

"તમે તેમને સ્પષ્ટ કહી દો કે, "મારો માર્ગ તો આ છે, હું અલ્લાહ તરફ બોલાવું છું, હું પોતે પણ સંપૂર્ણ પ્રકાશમાં પોતાનો માર્ગ જોઈ રહ્યો છું, અને મારા સાથીઓ પણ." (સૂરઃ યૂસુફ, આયત-૧૦૮)

**'દા'વતે ઈલલ્લાહ'**નો મતલબ આ છે કે અલ્લાહના દીનને સંપૂર્ણ સ્વરૂપમાં રજૂ કરવામાં આવે અને અકીદો, ઈબાદત, નૈતિકતા, સામાજિકતા, અર્થતંત્ર, સભ્યતા-સંસ્કૃતિ, કાયદા-કાનૂન તથા રાજકારણ એમ દરેક જીવન-ક્ષેત્રે આની 'હિદાયતો' સ્પષ્ટ કરવામાં આવે.

આજે સમગ્ર વિશ્વની વ્યવસ્થા માનવ-વિચારધારા કે ચિંતનના પાયા પર ઊભી છે. **'દા'વત ઈલલ્લાહ'** આ છે કે આની ખામીઓને સ્પષ્ટ કરવામાં આવે, અલ્લાહના દીનને આ સમગ્ર વ્યવસ્થાના વિકલ્પરૂપે રજૂ કરવામાં આવે. આના માટે જરૂરી છે કે વર્તમાનયુગની વૈચારિક બુન્યાદો અને તેમની કમજોરીઓથી વાકેફિયત હોય, દીનની સાચી સમજ, તેમાં ઊંડી દૂરદર્શિતા અને પરિસ્થિતિઓ પર તેને અનુરૂપ હોવાની લાયકાત હોય, તેના સિદ્ધાંત તથા વિકાસમાં ભેદ કરવામાં આવે અને ગૌણ બાબતોને સિદ્ધાંતોના તાબે રાખવામાં આવે. તેને એકમાત્ર દા'વત અને ધાર્મિક અકીદતની હેસિયતથી નહીં બલ્કે દલીલો તથા સ્પષ્ટતા સાથે રજૂ કરવામાં આવે, અને વધુ ને વધુ બહેતર શૈલીમાં રજૂ કરવામાં આવે. આ સમગ્ર પ્રક્રિયામાં 'હિકમત' (વિવેક-બુદ્ધિ) તથા સમજદારી, વ્યથા તથા દર્દમંદી અને ભલાઈ જોવા મળે. આનાથી જ **'દા'વતે ઈલલ્લાહ'**ના તકાદા પૂરા થશે, તેનો હક્ક અદા થશે અને તેની સફળતાના માર્ગો ખુલશે. •••

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

Late Yunushbhai Sabuwala
Samir Sabuwala
98245 47998
Abuzar Sabuwala
79841 77790
FIRDOSH
Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale
Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad

# પશ્ચિમ અને ઈસ્લામનો સંઘર્ષ : નિર્ણાયક બાબત – નબુવ્વતે મુહમ્મદી ﷺ

● ખુર્રમ મુરાદ રહ.

આજના આ સાંસ્કૃતિક વિગ્રહમાં રિસાલતે મોહમ્મદી ﷺને જે નિર્ણાયક ભૂમિકા પ્રાપ્ત છે તેની સમજણ એ સમગ્ર લોકોને હોવી જોઈએ જે ઈસ્લામ સાથે પ્રેમ રાખે છે, ઈસ્લામની સ્થાપના માટે કાર્યરત છે અને સંઘર્ષ કરી રહ્યા છે. અને આ માટે તેઓએ પોતાની પ્રાથમિકતાઓ અને એજેંડા નક્કી કરી લેવા પડશે.

૧) આ વાત જાણવી જરૂરી છે કે આજનો આપણો યુગ નબવી યુગથી ૧૪૦૦ વર્ષ વેગળો છે. અને આજે જે પરિસ્થિતિમાં આપણે ઈસ્લામી પુનરુત્થાનના પ્રયત્નો કરી રહીયા છીએ તે ત્યારની પરિસ્થિતિ કરતાં સાવ જુદી છે. પરંતુ આ છે તેજ નબવી યુગનું સાતત્ય. કેમકે નબી માત્ર આરબ માટે નહીં પણ સમગ્ર માનવજાતિ માટે મોકળવામાં આવ્યા હતા. હવે કોઈ બીજો નબી આવવાનો નથી એટ્લે આજના બધા માનવીઓ એવી રીતે જ આપની કોમ છે, જેવી રીતે તે સમયની આરબ કોમ હતી. એટ્લે આજના લોકોનો પણ હક છે કે તેઓને પણ રિસાલતે મુહમ્મદી ﷺ નો સંદેશ એ રીતે પહોંચાડવામાં આવે જેવી રીતે હઝરત મોહમ્મદ ﷺ સાહેબે પહોંચાડ્યો હતો.

૨) આ વાત જાણવી જરૂરી છે કે હઝરત મુહમ્મદ ﷺ એક રસૂલના સ્વરૂપે આપણી વચ્ચે ઉપસ્થિત છે. કેમકે આપના દ્વારા આપેલ પુસ્તક કુઆન મોજૂદ છે,આપ ﷺની સીરત અને તરીકો મોજૂદ છે, આપ ﷺનો દીન મોજૂદ છે અને આ થાપણો સાચવનાર મુસ્લિમ ઉમ્મત મોજૂદ છે. કહી શકાય કે રસુલની હેસિયતથી રિસાલતનો જે આહ્વાન આપ ? એ કર્યો હતો, હવે તેમના સ્થાને આ કાર્યમુસ્લિમ ઉમ્મતની જવાબદારી છે.

૩) આ વાત જાણવી જરૂરી છે કે રસુલની ઉપસ્થિતિમાં ઈસ્લામ અને અજ્ઞાનતા વચ્ચે જે સંઘર્ષ



ઊભો થાય છે તેમાં પ્રાથમિક અને નિર્ણાયક ભૂમિકા રિસાલત તરફ આહ્વાન ની હોય છે. જો કે એક અલ્લાહની ઈબાદત ઈસ્લામી જીવનનો આત્મા છે પણ રિસાલત ઉપર ઈમાન પ્રથમ સ્થાને આવે છે કેમ કે માણસ જયારે હઝરત મોહમ્મદ ﷺને નબી માને છે તો તે અલ્લાહ અને બીજી આસ્થાઓ સુધી પહોંચે છે. વૈધ, અવૈધ, પાપ, પુણ્ય, સાચા, ખોટાનો કોઈ તર્ક હઝરત મુહમ્મદ ﷺના આદેશ વિના માન્ય નથી. બીજા શબ્દોમાં રસૂલનું આજ્ઞાપાલન જ અલ્લાહનું આજ્ઞા પાલન છે.

"જેણે રસૂલનું આજ્ઞાપાલન કર્યું તેણે હકીકતમાં અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું." (કુર્આનઃ ૪:૮૦)

"હે નબી! લોકોને કહી દો, જો તમે ખરેખર અલ્લાહને પ્રેમ કરતાં હોવ તો મારું અનુસરણ કરો" (કુર્આન ૩:૩૧)

૪) આ વાત જાણવી જરૂરી છે કે ઈસ્લામના આહ્વાન અને જિહાદમાં રિસાલત તરફ દાવતને પ્રાધાન્ય આપવામાં આવે, રિસાલત વિના અલ્લાહને માનવાનો પણ કોઈ અર્થ નથી તો પછી લોકશાહી,માનવ અધિકાર જેવા મૂલ્યોની શું બિસાત?યહૂદી અને ખ્રિસ્તીઓ પણ એક અલ્લાહને માનતા હતા પણ એટલા માટે પ્રતાડિત થયા કે તેઓએ રિસાલતે મુહમ્મદી ﷺનો અસ્વીકાર કર્યો હતો.

૫) આ જાણવું જરૂરી છે કે રિસાલત ઉપર ઈમાન એટલા માટે પણ જરૂરી છે કે અલ્લાહ તરફથી મદદ, મુક્તિ અને વર્ચસ્વનો વાયદો તે લોકો માટે છે જેઓ અલ્લાહના મોકળેલ રસૂલો પર ઈમાન લાવે અને તન, મન, ધનથી તેમની સહાયતા કરે.

૬) એ જાણવું જરૂરી છે કે પ્રાચીનકાલથી જે સંઘર્ષ 'ચરાગે મુસ્તફવી ' અને 'શરારે બૂલહબી' વચ્ચે ચાલી રહ્યો હતો તેણે આજે ઈસ્લામ અને પશ્ચિમ વચ્ચે સાંસ્કૃતિક યુદ્ધનું સ્વરૂપ ધારી લીધું છે. આ યુદ્ધ વાસ્તવમાં તો હૃદય અને આત્માને જીતવાનું યુદ્ધ છે.દિલો ઉપર ફતેહ મેળવાશે તો ઈસ્લામની સ્થાપના થશે. શક્તિથી ધરતી ઉપર વિજય મેળવી શકાય, સત્તા પ્રાપ્ત કરી શકાય પણ લોકોના દિલો નથી જીતી શકાતા . દિલોને જીતવાના તો બસ એક જ ઉપાય છે કે લોકો હઝરત મુહમ્મદ ﷺ ઉપર ઈમાન લાવે, તેમના હાથમાં પોતાનો હાથ આપી દે, દિલોને તેમની મોહબ્બતથી ભરી લે, તેમના આદેશ સામે માથું નમાવી દે, પ્રેમ, ભરોસા અને વિશ્વાસ સાથે તેમના રસ્તા ઉપર ચાલવા લાગે. પહેલાં પણ સભ્યતાની જંગ આવી રીતે જ જીતવામાં આવી હતી અને આજે પણ આ જ રીતે આ જંગ જીતી શકાય છે.

૭) આ વાત સમજવી ઘણી મહત્વપૂર્ણ છે કે આપણે ચોક્કસ ઈસ્લામની સત્યતા અને સર્વોપરિતા પુરવાર કરવી જ જોઈએ, આપણે બતાવવું જોઈએ કે વ્યાજ આધારિત આર્થિક વ્યવસ્થા કેવી તબાહી નોતરે છે, ઈસ્લામની સામાજિક, રાજકીય અને કૌટુંબિક વ્યવસ્થાની શું વિશેષતાઓ છે. પણ આપણે તે વાત પણ ધ્યાનમાં રાખવી પડશે કે આ બધા કામો માત્ર પૂર્વભૂમિકા અને વાતાવરણને અનુકૂળ બનાવવા માટે જ છે. લોકો આ બધુ સ્વીકારી લે પણ હઝરત મુહમ્મદ ﷺ સાહેબની રિસાલતનો અસ્વીકાર કરે તો સફળતા પ્રાપ્ત થશે નહીં. કેટલાક લોકો છે જે ઈસ્લામની ભરપૂર પ્રશંસા કરે છે, ઈસ્લામના આર્ટ અને નિર્માણ કલાને બિરદાવે છે, તસવ્વુફના દીવાના છે. પણ તે હઝરત મુહમ્મદ ﷺને અલ્લાહના રસુલ સ્વીકારી તેમનું અનુસરણ કરવા તૈયાર નથી.

૮) આવી રીતે જ જો આપણે એ વાત પણ પુરવાર કરી દીએં અને પુરવાર કરવી પણ જોઈએ કે ઈસ્લામમાં પણ લોકશાહી છે, ઈસ્લામ બીજા કરતાં વધુ માનવ અધિકારનો સમર્થક છે, ઈસ્લામે સ્ત્રીઓને તે સ્થાન અને અધિકારો આપ્યા છે જે આજ સુધી પશ્ચિમ નથી આપી શક્યું. ઈસ્લામી શિક્ષાઓ ક્રૂરતાપૂર્ણ નથી પણ ન્યાયિક અને દયાળુતાપૂર્ણ છે. આ બધી વાતોથી પણ દિલો નહી જીતી શકાય. બુદ્ધિ આ બધી વાતો સ્વીકારી લે તો પણ હઝરત મુહમ્મદ ﷺ પ્રત્યે પ્રેમ, ભરોસો અને વિશ્વાસ સિવાય છૂટકો નથી.

એટ્લે સૌથી અગત્યની વાત એ છે કે આપણે રિસાલતે મુહમ્મદી ﷺ તરફ દાવતને આપણાં એજેન્ડામાં પ્રથમ સ્થાન આપીએં.

**રિસાલત તરફ આહ્વાનની પદ્ધતિ**

આ બધી વાતોનો તાત્પર્ય એ નથી કે આપણે બેઢંગી રીતે બસ એ લખવું અને બોલવું શરૂ કરી દઈએં કે હઝરત મુહમ્મદ ﷺ સાચા રસુલ હતા,તેમના ઉપર ઈમાન લાવો,અને લોકોને કાફિર કહેવાનું ચાલુ કરી દઈએં . ના! અમારો તાત્પર્ય એ છે કે ..

• આપણે જે કઈં શક્ય હોય તે પ્રમાણે લખીને, બોલીને, આધુનિક સંચાર સાધનો વડે સોશિયલ મીડિયા વડે લોકોને હઝરત મુહમ્મદ ﷺના વ્યક્તિત્વની અતુલ્ય સુંદરતા , આપના બેનમૂન સ્વભાવ, આપની દયાળુતા અને સ્નેહ, અને માનવતા માટે આપના અમુલ્ય સંદેશથી પરિચિત કરાવીએં, વારંવાર કરાવીએં. નવીન શૈલીઓ અપનાવીએં. લોકો સામે તેમની પોતાની ભાષામાં આ બધી વાતો મૂકીએં. તે સમયે પણ હઝરત મુહમ્મદ ﷺના સુંદર સ્વભાવ,સ્નેહ અને દયાળુતાના કારણે શત્રુ પણ તેમના પરમ મિત્ર બની ગયા હતા અને આજે પણ બની શકે છે.

(અનુસંધાન આઠમા પાને)

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૩૨

પ્ર.૧ કુર્આનમજીદમાં હુઝૂરે અકરમ સ.અ.વ.નું નામ કેટલી વખત આવ્યું છે ?

પ્ર.૨ મુહમ્મદ સ.અ.વ.ના કેટલા કાકા હતા અને તેમાંથી કેટલાએ ઈસ્લામ અંગીકાર કર્યો હતો ?

પ્ર.૩ હુઝૂર સ.અ.વ.ની ઔલાદમાંથી સૌ પ્રથમ કોનો ઈન્તેકાલ થયો હતો ?

પ્ર.૪ હુઝૂર સ.અ.વ. પોતાના જીવનમાં કઈ દીકરીના જનાઝામાં સામેલ થઈ શક્યા ન હતા ?

પ્ર.૫ હુઝૂર સ.અ.વ.ના એ દીકરીનું નામ જણાવો કે જેઓ હઝરત મુહમ્મદ સ.અ.વ.ની વફાત વખતે મૌજૂદ હતા.

**ક્વિઝ નં. ૨૩૨ના જવાબો**

જ.૧ "મુહમ્મદ" (સ.અ.વ.)ના સંબોધનથી ૪ વખત અને "અહમદ" (સ.અ.વ.)ના સંબોધનથી ૧ વખત.

જ.૨ કુલ ૬ કાકા હતા એમાંથી બે (હઝરત હમ્ઝા રદિ. અને હઝરત અબ્બાસ રદિ.)એ ઈસ્લામ અંગીકાર કર્યો હતો.

જ.૩ હઝરત કાસિમ રદિ..

જ.૪ હઝરત રુકૈયા રદિ.ના જનાઝામાં. તે એટલા માટે કે એ દિવસે આપ સ.અ.વ. બદ્રના મેદાનમાં હતા.

જ.૫ હઝરત ફાતિમા રદિ..

એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ ૩ ફક્ત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ ૩ ફક્ત રૂા.૭૫૦/- ● શર્ટપીસ-૩ ફક્ત રૂા.૬૦૦/-
સેલ ફક્ત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-૩ ફક્ત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફક્ત રૂા.૩૬૦/- ને વધુ
યુનિટ પ્રખ્યાત મિલોની જોડી ફક્ત રૂા.૨૫૦/- અને વધુ
ક્લોથ સેન્ટર ૮૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)



સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ
BIS 91.6 હોલમાર્ક
અલ-મદની જ્વેલ્સ
(માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૬૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩

# હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ

## રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

ડૉ. અબ્દુર્રહમાન રફત પાશા

(ગતાંકથી ચાલુ...)

સામાન્ય મુસ્લિમો અને ઉમ્મહાત અલ મુઅમિનીન સાથે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ.નો સારો વ્યવહાર અને દયાભાવ એટલો હતો કે એકવાર તેમણે પોતાની એક જમીન ચાલીસ હજાર દીનાર (સોનાના સિક્કા)માં વેચી અને તે બધી રકમ તેમણે 'બનૂ ઝોહરા' (એક કુળ), જરૂરતમંદ મુસ્લિમો, મુહાજિરો અને નબીએ કરીમ ﷺની પત્નીઓમાં વહેંચી દીધી. જ્યારે હઝરત આયશા રદિ.ના ભાગની રકમ તેમની પાસે પહોંચી, તો તેમણે પૂછ્યું કે આ રકમ કોણે મોકલી છે? જ્યારે તેમને કહેવામાં આવ્યું કે અબ્દુર્રહમાન બિન ઔફ રદિ.એ, તો તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું હતું:

"મારા પછી તમારી સંભાળ ફક્ત તે જ લોકો રાખશે જેઓ ધીરજવાળા છે."

રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ. માટે અલ્લાહ તઆલા પાસે જે ખૈર (ભલાઈ) અને બરકતની દુઆ કરી હતી, તે આખી જિંદગી તેમના પર છવાયેલી રહી. અહીં સુધી કે તેઓ સહાબા કિરામ રદિ.માં સૌથી ધનવાન વ્યક્તિ થઈ ગયા. તેમનો વેપાર સતત પ્રગતિ કરતો રહ્યો અને તેમનો વિસ્તાર સતત વધતો રહ્યો. તેમના વેપારી કાફલાઓની આવન-જાવનનો સિલસિલો હંમેશાં ચાલુ રહેતો, જે બીજા શહેરોમાંથી મદીનાના લોકો માટે ઘઉં, લોટ, કપડાં, વાસણો અને સુગંધ જેવી જરૂરિયાતની વસ્તુઓ લઈને મદીના પહોંચતા અને ત્યાંની વધારાની ઉપજ બીજા વિસ્તારોમાં લઈ જતા.

એકવાર તેમનો એક વેપારી કાફલો, જે સાતસો ઊંટોનો બનેલો હતો, મદીના પહોંચ્યો. હા, તે કાફલો સાતસો ઊંટોનો બનેલો હતો, જેમની પીઠ પર ખોરાકના ભંડારો, જીવન જરૂરિયાતનો સામાન અને તે તમામ વસ્તુઓ લદાયેલી હતી, જેની લોકોને ઘણીવાર જરૂર પડતી હોય છે. જેવો તે કાફલો મદીનામાં દાખલ થયો, આખી ધરતી ધ્રૂજી ઊઠી, ગલીઓ ગૂંજી ઊઠી અને ચારે તરફ અવાજો અને ઘોંઘાટ સંભળાવા લાગ્યો. અવાજ સાંભળીને હઝરત આયશા રદિ.એ પૂછ્યું કે આ કેવો શોર-બકોર છે? જ્યારે તેમને કહેવામાં આવ્યું કે અબ્દુર્રહમાન બિન ઔફ રદિ.નો સાતસો ઊંટોનો એક વેપારી કાફલો ઘઉં, લોટ અને ખાવા-પીવાનો સામાન લઈને પહોંચ્યો છે, તો તેમણે ફરમાવ્યું:

"અલ્લાહ તઆલાએ તેમને દુનિયામાં જે કંઈ આપ્યું છે, તેમાં બરકત આપે. ચોક્કસ, આખિરતનો સવાબ ઘણો મોટો છે. મેં રસૂલુલ્લાહ ﷺને આ ફરમાવતા સાંભળ્યા છે કે 'અબ્દુર્રહમાન બિન ઔફ રદિ. ઘૂંટણિયે ચાલીને જન્નતમાં દાખલ થશે.'"

ઊંટોના બેસતા પહેલા, કોઈકે ઉમ્મુલ મુ'મિનીન રદિ.ની જીભેથી નીકળેલા આ શબ્દો હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ. સુધી પહોંચાડીને તેમને જન્નતની ખુશખબરી સંભળાવી દીધી. આ ખુશખબર સાંભળતાં જ તેઓ દોડીને હઝરત આયશા રદિ.ની સેવામાં પહોંચ્યા અને તેમને પૂછ્યું: "ઉમ્મુલ મો'મિનીન! શું આપે પોતે રસૂલુલ્લાહ ﷺને આ ફરમાવતા સાંભળ્યા હતા?"

તો તેમણે ફરમાવ્યું: "હા."

આ સાંભળીને તેઓ ખૂબ ખુશ થયા અને હઝરત આયશા રદિ.ને સંબોધીને બોલ્યા:

"હે ઉમ્મુલ મો'મિનીન! જો શક્ય હશે, તો હું ઊભા રહીને જન્નતમાં દાખલ થવાની કોશિશ કરીશ. હું તમને આ વાત પર સાક્ષી બનાવું છું કે હું આખો કાફલો, તેના ઉપર લદાયેલા સામાન, તેના કજાવા અને કોથળા સહિત અલ્લાહના માર્ગમાં આપી રહ્યો છું."

એ ઝળહળતા તેજસ્વી અને મુબારક દિવસથી, જે દિવસે તેમને જન્નતમાં દાખલ થવાની ખુશખબરી આપવામાં આવી હતી, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ. ધન કમાવવા અને તેને અલ્લાહના માર્ગમાં વધુમાં વધુ ખર્ચ કરવા તરફ અસાધારણ ઉત્સાહ અને જુસ્સા સાથે આકર્ષાયા.

આથી, હવે તેઓ પોતાના બંને હાથોથી ગુપ્ત રીતે અને ખુલ્લેઆમ, જમણે અને ડાબે દરેક તરફ ધન ખર્ચવા લાગ્યા. તેમણે ચાલીસ હજાર દિરહમ (ચાંદીના સિક્કા) સદ્કા તરીકે આપ્યા. પછી બસો 'ઔકિયહ' સોનું ખૈરાત કર્યું. પછી અલ્લાહના માર્ગમાં જિહાદ કરનારાઓ માટે પાંચસો ઘોડા અને બીજા જિહાદ કરનારાઓ માટે દોઢ હજાર ઊંટ પૂરા પાડ્યા. અને જ્યારે તેમના મૃત્યુનો સમય નજીક આવ્યો, તો તેમણે પોતાના ગુલામોની એક મોટી સંખ્યાને ગુલામીના બંધનમાંથી મુક્ત કરી દીધી અને તે સમયે 'અસહાબ-એ-બદ્ર'માંથી જેટલા સાથીઓ જીવતા હતા, તેમાંથી દરેક માટે ચાર-ચારસો દીનારની વસિયત કરી. આથી, તે મહાનુભાવોએ વસિયત મુજબ તે રકમ લઈ લીધી. તે સમયે તેમની સંખ્યા સો હતી અને તેમણે ઉમ્મહાતુલ મુઅમિનીનમાંથી દરેક માટે મોટી રકમની વસિયત કરી. હઝરત આયશા રદિ. ઘણીવાર તેમના માટે દુઆ કરતા ફરમાવતા:

"અલ્લાહ તઆલા તેમને સલસબીલના ઝરણાંથી તૃપ્ત કરે."

તેમણે પોતાના વારસદારો માટે એટલું ધન છોડ્યું કે સંખ્યાઓ તેનું ગણિત ગણવા અસમર્થ છે. તેમણે એક હજાર ઊંટ, સો ઘોડા અને ત્રણ હજાર બકરીઓ છોડી. મૃત્યુ સમયે હાજર તેમની ચાર પત્નીઓમાંથી દરેકને વારસાનો ચોથો ભાગ મળ્યો, જેની કિંમત એંસી હજાર હતી. તેમણે સોના અને ચાંદીના જે ઢગલા વારસામાં છોડ્યા, તેમને વારસદારો વચ્ચે વહેંચવા માટે કુહાડીઓથી કાપવા પડ્યા. અને કાપનારાઓના હાથમાં છાલા પડી ગયા.

આ બધું રસૂલુલ્લાહ ﷺની તે દુઆને કારણે હતું, જે આપે તેમના ધનમાં બરકત માટે કરી હતી. પરંતુ આ ધન ન તો તેમને કોઈ પ્રકારના નાણાકીય ફિત્નામાં ફસાવી શક્યું કે ન તેમના વર્તનમાં કોઈ ફેરફારનું કારણ બની શક્યું. લોકો જ્યારે તેમને તેમના ગુલામોની વચ્ચે જોતા, તો તેઓ તેમના અને ગુલામો વચ્ચે ભેદ પારખી શકતા ન'હોતા. એક દિવસ તેમની સામે ખાવાનું લાવવામાં આવ્યું. તે દિવસે તેઓ રોઝાથી હતા, તો તેમણે ખાવાનું જોઈને ખૂબ જ અફસોસ સાથે કહ્યું:

"જ્યારે મુસ્અબ બિન ઉમૈર શહીદ કરવામાં આવ્યા અને તેઓ મારાથી ઘણા સારા હતા, તો તેમને કફન આપવા માટે અમને ફક્ત એટલું જ કપડું મળી શક્યું કે જ્યારે તેનાથી તેમનું માથું ઢાંકવામાં આવતું, તો પગ ખુલ્લા રહી જતા અને જ્યારે પગને ઢાંકવામાં આવતા, તો માથું ખુલ્લું રહી જતું. પછી અલ્લાહ તઆલાએ અમને અસાધારણ સમૃદ્ધિ અને ખુશીથી નવાજ્યા. મને તો આ વાતનો ડર લાગે છે કે ક્યાંક આપણા કાર્યોનો બદલો દુનિયામાં જ ન આપી દેવામાં આવ્યો હોય." આ કહીને તેઓ ખૂબ જ રડવા લાગ્યા અને ખાવાથી હાથ ખેંચી લીધો.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિ.નું આખું જીવન ભલાઈ અને સુખથી ભરેલું અને અત્યંત ઈર્ષ્યા કરવા લાયક હતું.

સાદિક (સાચા) અને મસ્દૂક (પ્રમાણિત) હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ તેમને જન્નતની ખુશખબરી આપી.

છેલ્લા આરામસ્થાન સુધી લઈ જતાં તેમના જનાઝાને રસૂલુલ્લાહ ﷺના મામા હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)એ ખભો આપ્યો.

તેમની જનાઝાની નમાઝ 'ઝુન્નૂરૈન' હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિ.એ પઢાવી.

અને... તેમના જનાઝાને 'મુશાઈઅત' હઝરત અલી કર્રમલ્લાહુ વજહહૂએ કરી અને આ શબ્દોમાં તેમના પ્રત્યે પોતાની અકીદત વ્યક્ત કરી:

"આપે દુનિયામાંથી તેના ઉત્તમ ભાગને અપનાવ્યો અને તેના ખરાબ ભાગને છોડીને નીકળી ગયા. અલ્લાહ તઆલા તેમને પોતાની કૃપામાં ઢાંકી દે."

•••

## જો દુનિયામાં ઇન્સાંકો ઇન્સાન બનાને આયા થા

મેઅ્મારે તેહઝીબ જહાને તાઝા બસાને આયા થા
કાંટોકો ગુલ, ઝર્રોંકો ખુર્શીદ બનાને આયા થા

એહલે જહાંને શેઅ્બે અબી તાલિબમેં ઉસીકો કેદ કિયા
એહલે જહાં કો બંદ ગુલામીસે જો છુડાને આયા થા

ઉસ પર સંગે મલામત બરસે તાઇફકે કુહસારોંસે
જો તાઇફકે કુહસારોં પર ફૂલ ઉગાને આયા થા

શમ્એ-હયાત ઉસી કી બુઝાની ચાહી ઝુલ્મીઝાદોંને
જો હર દિલમેં, હર ઘરમેં એક દીપ જલાને આયા થા

હૈફ ! બિછાએ નાદાનોંને કાંટે ઉસીકે રસ્તેમેં
જો અલ્લાહકી સીધી સચ્ચી રાહ દિખાને આયા થા

હાએ ઉસી પર ફૂળા ફેંકા, સોચકે જી ભર આતા હૈ
જો લોગોં પર ઉફ્વ-વ-કરમકા હુન બરસાને આયા થા

ઉસકો શાઇર, સાહિર, કાહિન કેહકર મત્ઊન કિયા
જો લોગોંકો કુર્આની આયાત સુનાને આયા થા

કિયા કિયા ઝુલ્મ કિયે ઇન્સાંને ઇસ ઇન્સાને કામિલ પર
જો દુનિયામાં ઇન્સાંકો ઇન્સાન બનાને આયા થા

કૈસે કૈસે વાર કિયે હૈં, ઉસ પર કાલી રાતોંને
જો દુનિયા પર સુબ્હે દરખ્શાં બન કર છાને આયા થા

દુનિયાસે કુછ ભી તો ન ચાહા કાલી કમલી વાલેને
વો તો સખી થા, જૂદ-વ-સખાવત ફરમાને આયા થા

ઉસને બતાયા અમ્ન-વ-મુહબ્બત, અદ્લ-વ-ઉખુવ્વતકા મફ્હૂમ
બે-મા'ની અલ્ફાઝકો વો મા'ની પેહનાને આયા થા

રેહમતે-આલમ, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ, એ ઝાહિદ !
એહલે જહાંકો જીનેકા અંદાઝ સિખાને આયા થા

- અબુલ મુજાહિદ 'ઝાહિદ' -

TWIST
મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૮૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્ક્સ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ


કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# અલ બરકહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કો ઓપરેટિવ સોસાયટી લિ. ની ૪થી વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૫નું ભવ્ય આયોજન



અહમદાબાદના પાલડી સ્થિત ટેગોર હૉલ ખાતે રવિવાર, તા. ૩૧મી ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ અલ બરકાહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યુમર કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડની ૪થી વાર્ષિક સામાન્ય સભા ભવ્ય રીતે યોજાઈ. કાર્યક્રમની શરૂઆત જાવેદ શેખના કુર્આન પઠનથી થઈ.

ત્યારબાદ પ્રમુખ વાસિફ હુસૈને પોતાના પ્રારંભિક સંબોધનમાં અલ બરકાહની સ્થાપનાથી આજદિન સુધીની સફરની ઝલક રજૂ કરી. તેમણે જણાવ્યું કે પાંચ વર્ષ પહેલાં માત્ર ૨૦૦ સભ્યો સાથે શરૂ થયેલી આ સોસાયટી આજે ૩,૫૦૦થી વધુ સભ્યો ધરાવે છે. એક ભાડે રાખેલી ઑફિસ અને એક બ્રાન્ચથી શરૂઆત કરનાર આ સંસ્થા હાલમાં પોતાની મુખ્ય ઑફિસ સાથે બે બ્રાન્ચ ચલાવી રહી છે અને ત્રીજી બ્રાન્ચ શરૂ કરવાની તૈયારીમાં છે. આજદિન સુધીમાં ૨૦ કરોડથી વધુ ડિપોઝિટ એકત્ર થઈ છે જ્યારે ૧૬ કરોડથી વધુ બિન વ્યાજુ લોન આપવામાં આવી છે. વાસિફ હુસૈને જણાવ્યું કે ‘મદની મોડેલ’ હેઠળ પરસ્પર સહકારના સિદ્ધાંતો પર આગળ વધતાં અલ બરકાહએ અનેક સફળતાઓ મેળવી છે. ખાસ કરીને, તેની પ્રેરણાથી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સાત જેટલી નવી માઇક્રોફાઇનાન્સ સોસાયટીઓ શરૂ થઈ છે.

મેનેજિંગ ડિરેક્ટર જાવેદ અખ્તરે ગત વર્ષની મિનિટ્સ અને ઠરાવો રજૂ કર્યા. બ્રાન્ચ મેનેજર તન્વીર આલમે પ્રેઝન્ટેશન વીડિયો દ્વારા વિવિધ સ્કીમોની ઝલક કરાવી. આ પ્રસંગે ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષનો રિપોર્ટ પણ વિમોચિત થયો.

વાઇસ પ્રેસિડેન્ટ સીએ સૈયુમ ખાને ૨૦૨૪-૨૫ની સમીક્ષા અને ૨૦૨૫-૨૬ માટેની યોજનાઓ રજૂ કરી. તેમણે અલ બરકાહના ‘ઇન્ટરેસ્ટ-ફ્રી માઇક્રોફાઇનાન્સ બિઝનેસ મોડલ’ અંગે વિગતવાર સમજણ આપી અને કાયદેસર રચના, ભંડોળના સ્ત્રોતો, બૅલેન્સ શીટ તથા નફા-નુકસાનનું વિશ્લેષણ રજૂ કર્યું. આવનારા વર્ષે અહમદાબાદ શહેરમાંથી સેવાઓનો વિસ્તાર કરી સમગ્ર જિલ્લામાં પહોંચવાની યોજના, સેન્ટ્રલ અહમદાબાદમાં નવી બ્રાન્ચ શરૂ કરવાની જાહેરાત, મહિલાઓ માટે ‘સેલ્ફ-હેલ્પ ગ્રુપ’ કાર્યક્રમો, આરોગ્ય સંભાળ પહેલ અને QR કોડ આધારિત મોબાઇલ બેન્કિંગ શરૂ કરવાની યોજના જાહેર કરી.

તન્વીર આલમે આવતા પાંચ વર્ષ માટે નવા બોર્ડ ઑફ ડિરેક્ટર્સના નામો પ્રસ્તાવિત કર્યા, જે સભ્યો દ્વારા સર્વસંમતિથી મંજૂર થયા. નવા બોર્ડમાં વાસિફ હુસૈન, સીએ સૈયુમ ખાન, જાવેદ અખ્તર, કલીમ અન્સારી, શેખ નૂરુલહુદા, રાજપૂત મુહમ્મદ ખાલિદ, સોહેલ સાચોરા, સીએ શેખ માજિદ હુસૈન, ઉમર મનિયાર, મિર્ઝા ફહમિદા, અમરીન અન્સારી, અશરફ અલી, સીએ વીરેન્દ્ર તપાડિયા, સીએ સોહેલ મેંદાજીવાલા અને ડૉ. કૌસર રાજપૂતનો સમાવેશ થાય છે.

(અનુસંધાન આઠમા પાને)




# જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત દ્વારા સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ અને મીડિયાકર્મીઓ માટે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન



જમાઅતે ઈસ્લામી હિંદ (JIH) ગુજરાત દ્વારા ૨૮મી ઓગસ્ટના રોજ અહમદાબાદના જુહાપુરામાં આવેલા સુફ્ફા હૉલ ખાતે સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ અને મીડિયાકર્મીઓ માટે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મીડિયાના યોગદાન અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાની તેની ભૂમિકા પર પ્રકાશ પાડવાનો હતો.

આ કાર્યક્રમમાં જમાઅતે ઈસ્લામી હિંદ ગુજરાતના જનરલ સેક્રેટરી વાસિફ હુસૈન અને સેક્રેટરી શકીલ અહમદ રાજપૂતે સભાને સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું કે મીડિયા માત્ર સમાચાર પહોંચાડવાનું સાધન નથી, પરંતુ તે વિચારોનું ઘડતર કરે છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે નેટવર્કિંગ, સહયોગ અને સંગઠન દ્વારા સમાજની દિશા સુધારવામાં મીડિયા કેવી રીતે પ્રભાવશાળી બની શકે તેની વિગતવાર ચર્ચા કરી.

કાર્યક્રમ દરમિયાન, જમાઅતે ઈસ્લામી હિંદ ગુજરાત દ્વારા આગામી અભિયાન “હઝરત મુહમ્મદ (ﷺ): પવિત્ર પરિવર્તનના પથદર્શક” વિશે પણ માહિતી આપવામાં આવી. આ અભિયાન અંતર્ગત હાજરજનો સાથે સંયુક્ત રીતે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ્સ, બ્લોગર્સ, યુટ્યુબર્સ, પત્રકારો અને અન્ય મીડિયા પ્રોફેશનલ્સ સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. આ સ્નેહ મિલન કાર્યક્રમ થકી મીડિયા અને જમાઅતે ઈસ્લામી હિંદ વચ્ચે સહયોગ અને સમજણ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

## વાચકો જોગ સૂચના

**જે વાચક મિત્રોનું ‘શાહીન’ સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.**

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
**ફોન: ૬૩૫૬૧૬૨૭૬૮**




Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN** on behalf of **ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**